No Pages to Display



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા : અમદાવાદ.

૨૬૭

# પ્રસંગકથાઓ

## ધૂમકેતુ

[ ૧-૨૫ ]
એક રૂપિયો ને પચીસ પૈસા

પ્રકાશક

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તા : અમદાવાદ

૧૯૬૫

પુનર્મુદ્રણ બીજું : ૧૯૬૫

[ સર્વ હક્ક અધીન ]

પ્રકાશક
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

મુદ્રક
ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

⁂ સામાન્ય જનસમૂહને દૃષ્ટિમાં રાખીને, જે પુસ્તકો લખાયાં છે, તેમાં આ પુસ્તક યોગ્ય સ્થાન મેળવશે એવી આશા છે.

થોડું ભણેલા માટે, આમાં કેટલાક અનુભવો ને પ્રસંગો મૂક્યા છે. એનું વાચન રસદાયી ને ઉપયોગી નીવડશે.

જાન્યુ. ૧૯૬૨.
કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ-૭.

ધૂમકેતુ

* * * અનુક્રમ * *


| | | |
|---|---|---|
| ૧. | ગુલાબનું ફૂલ | ૩ |
| ૨. | ધંધાની કિંમત | ૭ |
| ૩. | સાચી શ્રીમંતાઈ | ૧૧ |
| ૪. | માયા | ૨૨ |
| ૫. | તરણા ઓથે ડુંગર ! | ૩૦ |
| ૬. | પ્રજાનો ગુણ | ૩૫ |
| ૭. | કેવી હલકાઈ ? | ૩૭ |
| ૮. | વ્યવસ્થા | ૪૧ |
| ૯. | એક જૂની દૃષ્ટાંત-કથા | ૪૪ |
| ૧૦. | રૂપનું અભિમાન | ૫૫ |
| ૧૧. | પોતાની મર્યાદા જાણો ! | ૬૦ |
| ૧૨. | માનવતાનો વિજય ! | ૬૪ |
| ૧૩. | પ્રસંગ-રંગ | ૬૯ |
| ૧૪. | ચતુષ્કોણ | ૭૭ |

# પ્રસંગકથાઓ

## ભાગ ૧ લો

## 'ધૂમકેતુ'નું જનતા માટેનું વાચન

| | | |
|---|---|---|
| ૧ | પહેલી ચોપડી | [છઠ્ઠી આવૃત્તિ] |
| ૨ | બીજી ચોપડી | [અગિયારમી આવૃત્તિ] |
| ૩ | ત્રીજી ચોપડી | [ત્રીજી આવૃત્તિ] |
| ૪ | ચોથી ચોપડી | [બીજી આવૃત્તિ] |
| ૫ | જ્ઞાનગોષ્ઠિ | [ત્રીજી આવૃત્તિ] |
| ૬ | જ્ઞાનકથાઓ ૧ થી ૫ | [બીજી આવૃત્તિ] |
| ૭ | બોધકથાઓ ૧, ૨ | [ત્રીજી આવૃત્તિ] |
| ૮ | ચારિત્રકથાઓ | [ત્રીજી આવૃત્તિ] |
| ૯ | સંસ્કારકથાઓ | [ચોથી આવૃત્તિ] |
| ૧૦ | ઉપનિષદ્કથાઓ | [ચોથી આવૃત્તિ] |
| ૧૧ | લોકરામાયણ | [ચોથી આવૃત્તિ] |
| ૧૨ | મહાભારતકથાઓ ૧-૨ | |

[૧]

# ગુલાબનું ફૂલ

એક વખત એવું બન્યું કે એક માણસનો એકનો એક લાડકવાયો નાનો પુત્ર મરણ પામ્યો. એનું મરણ એટલું તો ઝડપથી થઈ ગયું કે પેલો માણસ એના આઘાતથી લગભગ ગાંડા જેવો થઈ ગયો. એને કોઈ કામ ગમે નહિ. જીવનમાં શૂન્યતા લાગે. મૃત્યુને નોતરવાનું મન થાય. પોતે એકલો જ હતો, એટલે તો આ નાના પુત્રના મરણથી એને બધે જ કેવળ અંધકાર દેખાવા લાગ્યો. એનો આ ભારે શોક, કોઈના આશ્વાસનથી પણ શાંત પડે તેવો ન હતો.

મિત્રોએ એને ઘણું સમજાવ્યો. કેટલાયે ઉપદેશ આપ્યા, પણ બધાય વ્યર્થ ગયા. સૌને લાગ્યું કે કોઈ પણ કામમાં એનું મન ચોંટે, તો જ આ શોકને એ પાર કરી શકે. પણ કોઈ કામ એને ગમે જ નહિ!

એમ ને એમ એક વરસ વીતી ગયું. એના

પુત્રની મૃત્યુતિથિ આવી. તે દિવસે તો એ વધુ શોકમગ્ન થઈ ગયો. એનો એક મિત્ર જ્ઞાની જેવો હતો. એણે એક યુક્તિ કરી. એને લાગ્યું કે જરા વિચાર કરે, તો આ શોકનો રસ્તો એ પોતે શોધી શકે એમ છે. એણે પેલા પુત્રની મૃત્યુતિથિને દિવસે એને એક સુંદર ગુલાબનું ફૂલ ભેટ તરીકે મોકલ્યું!

મૃત્યુતિથિને દિવસે આ ગુલાબની ભેટ જોઈને પેલો માણસ તો વિચારમાં પડી ગયો. એના એકનાએક પુત્રના મરણદિવસે, આ ગુલાબનું ફૂલ ભેટ મોકલનારનો શો હેતુ હશે? મારી મશ્કરી કરવી એમ? પણ ના, ના, એવો દુષ્ટ તો, એનો કોઈ મિત્ર હતો નહિ.

પણ ત્યારે આ ભેટનો મારે શું અર્થ સમજવો? શું પેલા સુંદર મૃતાત્માની યાદી માટે આ મોકલ્યું હશે?

એટલામાં એને સાંભર્યું. આખા ગામમાં એના જેવો ગુલાબનો સુંદર બાગ કોઈનો ન હતો. એના પુત્રને લઈને એ બાગમાં ઘણી વખત ટહેલતો. એના પુત્રને પણ આ બાગ ઘણો ગમતો. અને એમાં ખીલેલાં ગુલાબનાં ફૂલોની પાછળ તો એ ગાંડો હતો!

એટલે આ ફૂલ, એટલા માટે જ, એના મિત્રે એને

મોકલ્યું છે, એ ચોક્કસ. પણ એ ફૂલ મોકલીને એને શું કહેવાનું હશે ?

એ ઊંડા વિચારમાં ઊતરી ગયો. એના મનમાં કેંક જૂની વાતો સાંભરવા માંડી. એને તરત સાંભર્યું: એનો પુત્ર ઘણી વખત, બગીચામાંથી ગુલાબનાં ફૂલનો થોકડે-થોકડા ઉતારીને, પાસેના પાડોશમાં તમામ બાળકોને વહેંચતો. એમને ઘેર જઈને વહેંચતો. અપંગ, ગરીબ, માંદાં બાળકો, ફૂલ જોઈને ખુશ ખુશ થઈ જતાં. એનો પુત્ર હમેશાં પહેલું આ કામ કરતો. એ પછી જ બીજું કામ હાથ ઉપર લેતો.

શોકમાં ઘેરાયેલા એના મનમાં આ વાત સાંભરી આવી ને તરત એના દિલમાં અજવાળું અજવાળું થઈ ગયું.

એને ફૂલ મોકલનારે, આ વાત સંભારીને એને એ કામ ઉપાડી લેવાનું કહ્યું હતું. એના પુત્રનું કામ.

એને જીવનમાં જ્યાં બધે જ શોક જણાતો હતો, ત્યાં જાણે હવે કાંઈક કામ મળ્યું.

જાણે એના મિત્રે મોકલેલું ફૂલ એને આ વાત કહી રહ્યું હતું. એના કાનમાં જાણે એના નાના પુત્રની

વાત માંડી બેઠું હતું !

અને બીજે જ દિવસે એક ચમત્કાર થયો. બાગનો માળી પણ ઉતાવળો ઉતાવળો બગીચા તરફ દોડ્યો. એનો શેઠ, જે એક વરસ થયા, કોઈ દિવસ બગીચા તરફ ફરક્યો પણ ન હતો, તે ત્યાં આવી રહ્યો હતો: અને પોતાના હાથે ફૂલોને ભેગાં કરી રહ્યો હતો!

માળી મદદમાં દોડ્યો. પણ એણે હાથની ઈશારતથી એને રોકી દીધો. ફૂલો એ પોતે જ ભેગાં કરવા માગતો હતો.

અને ફૂલ ભેગાં થયાં, એટલે જેમ એનો નાનો પુત્ર, એ વહેંચવા માટે ઘેર ઘેર જતો—તેમ એ પણ ઘેર ઘેર વહેંચવા માટે ઊપડ્યો !

જોનારાઓ તો જોઈ જ રહ્યા. પણ કોણ જાણે કેમ, હમેશના આટલા એક નાના કામથી, જાણે એનો અપાર શોક એ તરી ગયો હોય તેમ, જીવનમાં એને હવે રસ દેખાવા લાગ્યો !

એને લાગ્યું કે, લેતાં આવડે તો જીવનનો જેટલો રસ શોકમાં છે, એટલો તો રસ ખુદ જીવનમાં પણ નથી! ને ત્યારથી એનો શોક ગયો !

૨ ]

# ધંધાની કિંમત

એક વખત એક જૂના જોડા સાંધનાર સામાન્ય મોચીએ હદ્દ કરી નાખી. એણે પોતાની પ્રતિષ્ઠા તો વધારી, પણ એક રાતમાં એના ધંધાની પ્રતિષ્ઠા પણ વધારી મૂકી. સૌને વિચાર કરતા કરી મૂકયા. પ્રતિષ્ઠા શામાં છે? ધંધામાં કે માણસમાં?

સૌને થયું કે લાખો–કરોડોના વેપાર ઉપર જો એક ઠગ સજ્જન બેઠો હોય—કે જે સ્થિતિ આજે છે —તો એના ધંધાની, બે ખોટી બદામની પણ કિંમત હોઈ ન શકે. પછી ભલે વેપાર લાખોનો હોય, કારણ કે ધંધો નહિ, માણસ જ કીમતી છે.

હવે એવું બન્યું હતું કે આ જૂના જોડા સીવનારો આમ તો મામૂલી માણસ. એનું બેસવાનું ફૂટ-પાથ ઉપર. સમૃદ્ધિમાં જૂના જોડા, ઠીબડું, એક–બે રખડુ કૂતરાં આસપાસ બેઠાં હોય તે ને ચાનો

ફૂટેલ પ્યાલો !

એનો ધંધો મામૂલી. પણ એ પોતે મામૂલી નહિ. એ દિલનો ભારે સાચક માણસ. એક વખત એવું બન્યું કે એક લશ્કરી સિપાઈ ત્યાંથી નીકળ્યો. તેણે પોતાના જોડા એને સમા કરવા આપ્યા. જોડા ખૂબ જ કીમતી હતા. એટલે એણે એક ચિઠ્ઠી એને આપી રાખી, તે સાચવવા કહ્યું. જે કોઈ માણસ જોડા લેવા આવે, તેની પાસે આવી જ બીજી ચિઠ્ઠી હોય, તો એને જોડા આપવા. લશ્કરી સિપાઈએ કહ્યું કે, બનતાં સુધી તો હું જ લેવા આવીશ, પણ અમારો સિપાઈભાઈનો શું ભરોંસો? રાતોરાત ક્યાંક ઊપડી જવું પડે. માટે આ ચિઠ્ઠી તમને આપી છે, એવી જ બીજી લખીને મારી પાસે રાખી છે. એટલે હું પોતે આવું તોપણ તમારે તો ચિઠ્ઠી માગવી જ માગવી.

આમ કહીને એ જોડા મૂકીને, 'પછી લેવા આવીશ' એમ કહીને ચાલતો થયો.

હવે જોગાનુજોગ બન્યું એવું કે તે દિવસે એ આવી શક્યો નહિ ને રાતોરાત એને તો લડાઈમાં ઊપડી જવું પડ્યું ! જોડા તો મોચીને ત્યાં રહી ગયા.

એ વાતને તો ચાર–છ મહિના વીતી ગયા, અને એટલામાં તો ઘણા ફેરફાર થઈ ગયા.

પછી અચાનક, પેલો લશ્કરી સિપાઈ, પાછો દેશમાં આવ્યો. ત્યાંથી નીકળતાં એણે જોયું તો પેલો મોચી ત્યાં ન હતો, પણ એક નાનકડો છોકરો જોડા સાંધતો ત્યાં બેઠો હતો. પેલો લશ્કરી સિપાઈ ત્યાં ગયો. પરીક્ષાની ખાતર પોતાની ચિઠ્ઠી કાઢીને તેણે પેલા છોકરા સામે ધરી!

પેલા છોકરાએ તો તરત, પોતાના કોથળામાં સાચ-વીને મૂકેલા જોડા શોધી કાઢ્યા. અને લશ્કરી સિપાઈ સામે એક ચિઠ્ઠી પણ ધરી: ‘ આ તમારી ચિઠ્ઠી. મને મારા બાપે પથારી પાસે બોલાવીને, છેલ્લી વાત જ આ કહી હતી.’

લશ્કરી સિપાઈને ઘણું કુતૂહલ થયું. આ જોડા સાંધનારો એને પોતાના ધંધાની પ્રતિષ્ઠા સાચવનારો જણાયો. એણે પેલા છોકરાને પૂછ્યું: ‘ પણ તારો બાપ ક્યાં છે? એ ક્યારે આવશે? ’

છોકરાની આંખમાં એક અદૃશ્ય આંસુ આવી ગયું. તેણે જરાક ગળગળા સાદે કહ્યું: ‘ મારા બાપાએ

તો મોટું ગામતરું કર્યું, સા'બ! પણ મને આ થાનક-ની આબરૂ સાચવવાનું કહ્યું હતું. ને મરતાં મરતાં પણ તમારા જોડા લેણા છે, એ વાત કરી હતી!'

સિપાઈ તો એ સાંભળી અવાક્ જેવો થઈ ગયો. એને પણ થઈ ગયું: ધંધાની પ્રતિષ્ઠા ધંધામાં નહિ, માણસમાં રહેલી છે!

[ ૩ ]

# સાચી શ્રીમંતાઈ

એક પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન બન્ને સાધુના વેશે સંસાર જોવા નીકળ્યા. એમને શોધવો હતો, શ્રીમંતમાં શ્રીમંત માણસ, એટલે એ દરેક શ્રીમંતને ઘેર જતા હતા.

પણ એ શ્રીમંતને ત્યાં જાય અને થોડી વારમાં જ, એમને ખાતરી થઈ જતી હતી કે, આંહીં પૈસો છે, પણ શ્રીમંતાઈ નથી. લક્ષ્મીની રેલમછેલ છે, પણ 'શ્રી'નો, એટલે કે લક્ષ્મીનો વૈભવ, જુદી જ ચીજ છે.

આ પ્રમાણે મોટા મોટા શ્રીમંતોનાં ઘર જોવા છતાં, ક્યાંય શ્રીમંતાઈ નથી એવું કૃષ્ણ ભગવાનને બોલતા સાંભળીને, અર્જુન તો છક્ક થઈ ગયો. છેવટે એ રહી શક્યો નહિ. એટલે એણે પૂછ્યું: 'ભગવાન! આટલી આટલી અઢળક સમૃદ્ધિના સ્થાનમાં તમને ક્યાંય શ્રીમંતાઈ દેખાતી નથી, તો તો પછી તમારી

લક્ષ્મી વિષેની વાત જ ન્યારી લાગે છે! તમે તો જાણે ઇન્દ્રનો વૈભવ આ સંસારમાં જોવા માગતા હો, એવી વાત કરો છો. તો એવો વૈભવ સંસારમાં મળવો મુશ્કેલ છે. આપણે મફતના રખડપટ્ટી કરીએ છીએ.'

ભગવાને કહ્યું: 'એમ નથી. તું જો તો ખરો. કોઈ ને કોઈ સાચો શ્રીમંત માણસ આપણને ભેટી જવાનો છે. એમ કાંઈ ધરતી રત્નવિહોણી થઈ ગઈ છે? કોઈ નહિ મળે? તું ચાલ તો ખરો!'

બન્ને જણા પાછા આંટાફેરા કરવા મંડયા. એક જગ્યાએ સાધુ જ સાધુ દેખાયા. કોઈ મોટો શ્રીમંત દાનેશ્વરી ભોજનસમારંભ ગોઠવી બેઠો હતો. અને તેમાં તે પોતે સાધુઓની ભોજનશાળામાં આંટાફેરા મારતો જમાડવાનો આગ્રહ કરી રહ્યો હતો.

ઠેર ઠેર એ શ્રીમંતનાં વખાણ થતાં હતાં. સૌ કોઈ એકી અવાજે એની શ્રીમંતાઈની વાહવાહ બોલતા હતા.

અર્જુને કહ્યું: 'ભગવાન, આ શ્રીમંત સાચો કે નહિ?'

ભગવાને કહ્યું: 'એ શ્રીમંત સાચો. એની કીર્તિની વાતો માણસો બોલે છે. ને એ કેવો આનંદ લેતો

આમતેમ ફરે છે. બધે એની વાહવાહ છે. બ્રાહ્મણો પ્રશંસા કરે છે. બીજા શેઠિયાઓ, એને વખાણે છે. આ બધી વાત તું હમણાં ધ્યાનમાં રાખી લે.' અર્જુને તો ભગવાને કહ્યું તેમ બધું ધ્યાનમાં રાખ્યું.

એને એમ હતું કે હવે ભગવાન પેલા શ્રીમંતને મળશે. પણ ભગવાને તો કહ્યું: 'આપણે હવે પાછા ફરવા મંડીએ. આંહીં એક સાચો શ્રીમંત વસે છે, એ આપણે જોયું. એની પાસે આપણે પાછા આવવું છે: હવે બીજે સ્થળે ચાલો. એક માણસે, એક મોટું મંદિર બંધાવવાનું શરૂ કર્યું છે, ત્યાં જઈએ.'

વળી અર્જુન ને ભગવાન ચાલતા થયા. ચાલતાં ચાલતાં પેલા મંદિર બંધાવનારને શોધી કાઢચો. જુએ છે તો સાવ સાદો એક માણસ ત્યાં બેઠો છે. બેઠો બેઠો જે મંદિર જોવા આવે, તેને સત્કારે છે.

અર્જુન ને ભગવાન ત્યાં ગયા. અર્જુનને લાગ્યું કે આ માણસ ખરો શ્રીમંત છે. એણે દેવને પણ, અંદર વસવાની ઇચ્છા થઈ આવે, એવું સુંદર મંદિર બંધાવવાનું શરૂ કર્યું છે. એ પોતે તો બે હાથ જોડીને સૌને વંદે છે ને કહે છે: 'આમાં મારું કાંઈ નથી. ભગવાનનું

છે, ને ભગવાન અર્થે વાપરું છું!'

સૌ એની નમ્રતા જોઈને છક્ક થઈ જાય છે.

ભગવાન કહે: 'એમાં તું સમજે નહિ. હજી આપણે ફરવું છે. તું માણસને ઓળખે, પણ માણસમાં રહેલા માણસને તો હું ઓળખું. માટે ચાલ, હજી આપણે ફરીએ. આના કરતાં સવાયો કોઈક મળશે. બહુરત્ના વસુંધરા! ધરતીમાં અનેક રત્નો પડયાં છે.'

અર્જુન તો હવે થાક્યો હતો. એને થયું કે ભગવાન હવે તો હદ કરે છે. આવો શ્રીમંત ક્યાં મળવાનો હતો?

ભગવાન ચાલતા થયા. એ પણ પાછળ ચાલતો થયો.

ચાલતાં ચાલતાં એક ત્રીજી જગ્યાએ પહોંચ્યા. ત્યાં તો એમણે આખા ગામના શ્રીમંતોને એક જગ્યાએ ઊભેલા જોયા. બન્ને જણા શું વાત છે એ જાણવા ત્યાં થોભ્યા. વાતવાતમાં એમણે જાણ્યું કે કોઈ પ્રાચીન મૂર્તિ મળી આવી છે. જૂના વખતની મૂર્તિ જેવી છે! એની પ્રતિષ્ઠા હવે ક્યાં કરવી, એ સવાલ ઊભો થયો છે.

દરેક પોતાના મહોલ્લામાં એની પ્રતિષ્ઠા થાય

એમ ઇચ્છે છે.

એમાંથી છેવટે એવો રસ્તો નીકળે છે કે, જે વધારે દ્રવ્ય આપે, તે પોતાના મહોલ્લામાં એની પ્રતિષ્ઠા કરે.

અને પછી તો ત્યાં જ ચડસાચડસી થવા માંડી. એ જોઈને અર્જુનને જ થયું કે આમાં તો કાંઈ જ શ્રીમંતાઈ નથી. એટલે એણે જ કહ્યું: 'ભગવાન, ચાલો, આંહીં તો દેખાદેખીથી, બધા ચડાઉદેવ બન્યા છે.'

ભગવાન કહે: 'એટલી વારમાં થાકી ગયો? હજી તો તેં માણસના મનની સાચી વાત જોઈ છે જ ક્યાં? છતાં ચાલો, તું કહે છે તો આગળ જઈએ.'

આગળ ચાલતાં ચાલતાં એ બન્ને જણા એક સાદા સુંદર નાનકડા ગામમાં જઈ ચડયા.

ત્યાં વડને છાંયડે બન્ને જણા ઘડીક બેઠા.

થોડી વાર એમ બેઠા હશે, ત્યાં એક કોઈ સાદો બ્રાહ્મણ ત્યાં આવી ચડયો. એણે આ બન્ને સાધુને જોયા. અને એ હાથ જોડીને પાસે આવ્યો. તેણે કહ્યું:

'સાધુ મહારાજ! મારે ત્યાં પધારો. મારે ત્યાં આજે ઉત્સવ છે. જો તમે ભોજન લેશો, તો મને ઘણો આનંદ

થશે.'

અર્જુન અને કૃષ્ણ ભગવાન એ બ્રાહ્મણને ત્યાં ગયા.

પણ અર્જુન તો બ્રાહ્મણના રહેઠાણની સુંદરતા જોઈ જ રહ્યો. નાનું સુંદર ફળિયું છે. સ્વચ્છ છે. એક તરફ ગાય બાંધી છે: ઘરમાં બધે જ જાણે આનંદ વસી રહ્યો છે. કોઈ વાતની જાણે અહીં ખામી જ નથી.

અર્જુન ને કૃષ્ણ બન્ને ત્યાં જમ્યા અને પછી વિદાય થયા.

પણ એમના દિલમાંથી કોઈ રીતે બ્રાહ્મણની સુંદર મહેમાનગીરીની જે છાપ બેઠી, તે છાપ જાય જ નહિ. એમને થાય કે પેલા શેઠને ત્યાં હજારો સાધુઓ જમતા હતા, વાહ વાહ થતી હતી, ઘી-દૂધની જાણે નદીઓ વહેતી હતી, પણ ત્યાં કોણ જાણે શું હતું, કાંઈક અધૂરું લાગ્યા કરતું હતું. અને આંહીં કાંઈ જ ન હતું, જમવામાં પણ પોતે બે જ જણા હતા, પણ બ્રાહ્મણ કુટુંબે ફેલાવેલી હવામાં, કોણ જાણે કશુંક જાદુ હતું. બધું જાણે વૈભવવૈભવભર્યું લાગતું હતું.

અર્જુનનું મન આ પ્રમાણે જ્યારે જરાક તુલના કરવા માંડ્યું કે તરત કૃષ્ણ ભગવાને કહ્યું: 'અર્જુન!

હવે પહેલા શ્રીમંતને ત્યાં જઈએ. એને ત્યાં હજારો જમ્યા હતા. આપણે હવે જમી આવીએ.'

પછી એ બન્ને સાધુવેશે જઈને પેલા શ્રીમંતને દ્વારે ઊભા રહ્યા. ને પેલા શ્રીમંતને મળવા માટે દ્વારપાલ એમને અંદર લઈ ગયો. અંદર પેલા દાનેશ્વરી શ્રીમંત ઘણા કામમાં હતા. ને કાંઈક વિપત્તિના ભણકારા વાગતા હશે કે કોણ જાણે શું, પણ એમના ચહેરા ઉપર ચિંતા હતી.

ભગવાન ને અર્જુન ત્યાં જઈને ઊભા રહ્યા.

શ્રીમંતે ઉતાવળે પૂછ્યું: 'કેમ મહારાજ! શું કામ છે?'

ભગવાને કહ્યું: 'ભોજન માટે આવ્યા છીએ. તે દિવસે તમારે ત્યાં હજારો સાધુઓ જમતા હતા, એ સંભારીને આવ્યા છીએ.'

પેલા શ્રીમંતે તરત ઉતાવળે જવાબ વાળ્યો: 'એ તો ભાઈ! વિવાહ હોય ત્યારે ગીત હોય. ત્યારે સાધુઓ જમાડવાના હતા. આજ હવે આંહીં કોઈ નવરું નથી. તમે આવો, તમારી પાછળ બીજા આવે, એની પાછળ ત્રીજા આવે—તો તો મારો આખો દિવસ જ એમાં જાય

નાં ? પછી હું રાતી પાઈ કામી રહ્યો. વળી પાછા અમે સાધુ જમાડીએ, ત્યારે જરૂર આવજો !' અને એ બે હાથ જોડીને ઊભો થઈ ગયો.

અર્જુન તો આ જોઈને છક્ક થઈ ગયો. પણ ભગવાને મંદ મંદ હસતાં કહ્યું: 'જો અર્જુન! આ શ્રીમંત છે. પણ એવો શ્રીમંત છે કે, જેનું મન વખતે આવેશમાં આવી જાય, ને એ પૈસા ખરચી નાખે. એના મનના રંગમાં ક્યાંય શ્રીમંતાઈ નથી. હવે ચાલો, પેલા મંદિર બાંધનાર બીજા શ્રીમંતને ત્યાં.'

અર્જુન તો ભગવાનની આ લીલા જોઈને છક્ક થઈ ગયો. આખી દુનિયા વાહ વાહ કરે, છતાં માણસ ગરીબનો પણ ગરીબ હોઈ શકે, એ એને આજે પહેલી વખત સમજાયું.

પછી એ બન્ને પેલા મંદિર બાંધનારને ત્યાં ગયા. મંદિર પૂરું થઈ ગયું હતું, ને તેની શોભા નિહાળીને માણસો છક્ક થઈ જાય તેવું હતું.

અર્જુન ને કૃષ્ણ પણ ત્યાં ઊભા રહ્યા. બધા એ મોંએ શેઠનાં વખાણ કરી રહ્યા હતા ને આવો અઢળક પૈસો ખરચવા માટે ધન્યવાદ આપતા હતા. પણ

ભગવાને ઇશારત કરી. અર્જુન એની પાછળ ચાલ્યો.

એક ખંડમાં મંદિરનો મુખ્ય શિલ્પી ત્યાં બેઠો હતો ને સામે શેઠ બેઠા હતા.

અંદરની વાત બહાર ઊભા ઊભા સંભળાતી હતી. બન્ને જણા ત્યાં ઊભા.

શેઠ પેલા શિલ્પીને કહી રહ્યા હતા : 'જેવું મંદિર સુંદર બન્યું છે, એવી જ હવે એક સુંદર તકતી બનાવો. એમાં આપણી સાતે પેઢીનાં નામ આવવાં જોઈએ. તેમાં એવી નકશીદાર કારીગરી કરો કે, એ જોયા વિના માણસ રહી શકે નહિ. એટલું તમે પૂરું કરો, એટલે તમારો હિસાબ પતાવી દઈએ.' શેઠની આંખમાં કીર્તિ-લાલસા સળવળવા લાગી.

પણ શિલ્પી કાંઈ બોલ્યો નહિ.

'કેમ કાંઈ બોલ્યા નહિ ?' શેઠે પૂછ્યું, 'તમારે જે અડચણ હોય તે કહી નાખો. એનો ઉપાય થઈ જશે!'

'મારે બીજી કાંઈ અડચણ નથી. હું માણસનું નામ ક્યાંય કોતરતો નથી ને એના નામને શણગારતો નથી!'

'અરે! ભલા માણસ! તમે આવા મોટા કારીગર થઈને એવી નાખી દેવા જેવી વાત શું કરો છો? માણસ પૈસા ખર્ચે, તો પોતાનું નામ જુગજુગ લગી જીવતું જાગતું રહે, એટલું તો ઇચ્છે ને? તમ તારે એ કરી નાખો!'

'મારું વ્રત તૂટે, શેઠજી! એ નહિ બને. કહો તો પૈસા જતા કરું!'

'અરે ભાઈ! એ તો પાછા અમારે આવતે ભવે આપવા પડે. પણ આટલું કરવામાં તમને વાંધો શું છે?'

'મારું અખંડ વ્રત તૂટે છે. એ મોટો વાંધો છે!'

'તો પછી પૈસા નહિ મળે!'

'કાંઈ નહિ. એટલા જાણે નહોતા મળ્યા.'

'ને અમને તો બીજા શિલ્પી મળી રહેશે!'

'હું જ શોધી આપીશ!'

'પણ ત્યારે તમને વાંધો શું છે?'

'હું પણ તમને એ જ કહું છું, શેઠજી! તમારું નામ રહે—ન—રહે, એમાં શું વાંધો છે?'

'હવે જાવ અહીંથી. તમે વેદિયા ઢોર જેવા લાગો છો. અલ્યા, લાખો રૂપિયા ખરચનારો, પોતાનું નામ

ન લખાવે? આ ન્યાય ક્યાંનો? મુનીમજી!' શેઠે મુનીમને હાકલ મારી.

મુનીમને બહારથી દોડતા આવતા જોઈને, અર્જુન ને ભગવાન એક તરફ થઈ ગયા.

પણ અર્જુન તો ભગવાનની આ લીલા જોઈને છક્ક થઈ ગયો. માણસની અંતરંગ સૃષ્ટિ, એક કોડીના મૂલ્યની પણ ન હોય, એવી આ વાત હતી.

હવે જ એને ખબર પડી કે પોતે જ્યારે શ્રીમંતોને નિહાળીને, એમને તત્કાલ મળવાનું ને પરીક્ષા કરવાનું કહેતો હતો, ત્યારે ભગવાન શા માટે ના પાડતા હતા?

માણસ, સ્થિર, શાંત, અંદરની વાતમાંથી પોતાની પ્રેરણા મેળવે છે, કે કેવળ બહારના દેખાવથી વૃત્તિનો રંગ થોડો વખત ફેરવે છે, એ ઘણી જ મહત્ત્વની વસ્તુ આમાંથી મળી આવતાં, એને ભગવાનની અકળ લીલાનો વધુ પરિચય થયો.

આંહીં આ શ્રીમંત હતો જે પોતાની તકતીને ને પોતાના નામને, વધુ કીમતી માનતો હતો ને ઈશ્વરને તો પોતાનો પડછાયો લેખતો હતો!

[ ૪ ]

## માયા

એક વખત એવું બન્યું કે, એક જાદુગર ખેલ કરે. લોકો સમજે કે, આ બધું જાદુ છે. છતાં એની એ વાતને સાચી માનીને, એની પાછળ ઘેલા ઘેલા થઈ જાય. જાણે કે આ જાદુ છે, છતાં માની ન શકે કે જાદુ છે. એ જમીન ઉપર ગોળ કુંડાળું કરે. અને પછી એ કુંડાળામાં બધી જ જાદુઈ કરામતો ઊભી કરે. કુંડાળાની બહાર પગ મૂકે નહીં, કે કુંડાળાની બહાર પોતે પણ જાય નહિ. પણ કુંડાળામાં હોય, ત્યાં સુધી એ ધાર્યા પ્રમાણે અજબ વસ્તુઓ ઊભી કરી દે. ને લોકો તો એ જોઈને છક્ક થઈ જાય.

માગો તે મીઠાઈ આપે. બોલે તે વાત કરી બતાવે. આકાશમાંથી ફૂલ વરસાવે. અગ્નિ પ્રગટાવે. એની પાસે કોણ જાણે ક્યાંથી, આ અજબ જેવી કરામત આવી ગયેલી. એ કુંડાળામાં હોય ત્યારે જાણે, ધાર્યા ખેલ કરે. કુંડાળું ભલે એનું પોતાનું જ કરેલું. પણ

પછી તો જાણે એનું શેઠ હોય એવું થઈ જાય. એ કુંડાળાનો ગુલામ. કુંડાળામાં ધાર્યું કરી શકે.

હવે એક વખત એવું બન્યું કે, જોગાનુજોગ, એને એક અજબ ખેલ કરવો. અને જોનારા હજારો પ્રેક્ષકોમાં એક જુવાન, સુંદર, પણ બહુ જ અચ્છો વિદ્વાન ઊભો રહેલો.

એ એક જ્ઞાની સાધુનો શિષ્ય હતો. આજે ફરતો ફરતો આંહીં આવી ચડ્યો હતો. સૌને ઊભેલા જોઈને, એ પોતે પણ ઊભો રહ્યો હતો. બાકી એ તો એકાંત જંગલનો નિવાસી. તત્ત્વજ્ઞાન જાણે, ગુરુસેવા કરે, ભિક્ષા માગે ને પોતાની વિદ્યાની ઉપાસના કરે.

હવે એ આંહીં ઊભો હતો ત્યાં જાદુગરે એક અદ્‌ભુત ખેલ કર્યો.

એણે સૌને કહ્યું: 'જુઓ ભાઈઓ! તમે આ મારા કુંડાળામાં, બધા જુઓ! કોઈ કાંઈ દેખો છો?'

કુંડાળામાં કાંઈ હતું નહિ. એટલે સૌએ ના પાડી. પછી એણે એક પોલો વાંસનો, મોટો, ઊંચો ટોપલો લીધો. તે બધાને બતાવ્યો. 'આમાં છે કાંઈ?' એણે

બધાને પૂછ્યું. બધાએ માથાં હલાવ્યાં: 'ના, કાંઈ નથી.'

એણે વાંસના ટોપલાને ઊંધો, અવળો, પાછળના ભાગથી ચત્તો, આડો એમ બધી રીતે ફેરવી ફેરવીને બતાવ્યો. એમાં કાંઈ હતું નહિ. પછી એણે એ ટોપલાને ઊભો મૂક્યો. ઉપર એક લૂગડું ઢાંક્યું. ને પોતે જાણે કાંઈ બોલતો હોય તેમ હોઠ ફફડાવતો રહ્યો.

ને પછી ચારપાંચ વખત એ ટોપલાને ફરતા આંટા માર્યા. થોડી વાર પછી લૂગડું ઊપાડી લીધું.

શું નીકળે છે એ જોવા લોકો તલપાપડ થઈ ગયા. જાદુગર, જાણે અંદર કાંઈ હોય, ને એને ઈજા થઈ ન બેસે તેની કાળજી રાખતો હોય તેમ, ધીમેધીમે પેલો ટોપલો ઊંચો કરવા માંડ્યો. લોકોની અધીરતા વધતી ચાલી. સૌને થયું, કોણ જાણે શું નીકળશે? પણ ત્યાં એમના આશ્ચર્યની વચ્ચે, કેવળ ખાલી ટોપલો જાદુગરે બતાવ્યો ને પોતે હસી પડ્યો!

લોકો પણ હસી પડ્યા!

'જોયું?' જાદુગર હસતાં હસતાં બોલ્યો: 'આ તો થયું, સાચા જ્ઞાનીના મન જેવું. એમાં માયા ન આવી તે ન જ આવી!'

લોકો તો એની આ વાત કોઈ સમજ્યા, કોઈ ન સમજ્યા. પણ છેક છેવાડે ઊભા રહીને, ખેલ જોતો પેલો વિદ્વાન, એના આ વાક્યે વિચારમાં પડી ગયો.

એટલામાં જાદુગર બોલ્યો : 'પણ આ વખતે એને હવે બાંધીને પરાણે લાવું છું, જો જો, માયાને લાવું છું.' અને એણે ફરીને ટોપલાને ઊંધો, અવળો, આડો, ચત્તો, બધી રીતે લોકોને બતાવીને, ફરીને એ જ પ્રમાણે ઊંધો મૂકી, ઉપર લૂગડું ઢાંકી દીધું ને બધી ક્રિયા પહેલાં પ્રમાણે જ કરી.

ફરી લૂગડું ઊંચક્યું. ધીમે ધીમે ટોપલો ઊંચક્યો. લોકોની અધીરાઈનો તો કોઈ પાર ન હતો. પણ ત્યાં તો, જેમ આકાશમાંથી કોઈ અપ્સરા આવતી દેખાય ને સૌ અધીરા બની જાય તેમ, તમામ અધીરા બની ગયા. કોઈ કાંઈ બોલી શકતા નથી. તાળી પાડી શકતા નથી. બધા કેવળ ટગર ટગર જોઈ જ રહ્યા.

ત્યાં ટોપલામાંથી એક સુંદર સ્ત્રી નીકળી આવી હતી—જાણે ધરતીમાંથી ફૂટી આવી હોય તેમ.

લોકોને તાલીઓના ગડગડાટનું પણ મોડે મોડે ભાન આવ્યું. એને જોતાં જ, પહેલેથી છેલ્લે સુધી

તાલીઓનો ગડગડાટ બોલી ગયો. જાદુગર તો પેલી સ્ત્રીને માથું નમાવતો, ત્યાં ઊભો હતો.

પછી એ બધા સાંભળે તેમ મોટેથી બોલ્યો : 'જુઓ ભાઈ ઓ ! આ સુંદર સ્ત્રીને, તમે જુઓ છો. એનું નામ છે માયા. જેને જોઈતી હોય તેને એ મળે તેમ છે. તમારામાંથી કોઈ આગળ આવો !'

પણ લોકો તો એના આ ખેલથી એવા સ્તબ્ધ, ને સાથે સાથે, જરા ભયભીત બની ગયા હતા, કે આખી મેદનીમાંથી એક પણ માણસ આગળ ન આવ્યો.

પણ કોણ જાણે શું થયું, પેલો સાધુનો શિષ્ય, આગળ આવતો દેખાયો.

લોકો કુતૂહલથી એને આગળ આવતો જોઈ રહ્યા. તે પેલા કુંડાળા પાસે આવ્યો. ત્યાં ઊભો રહ્યો. જાદુગર એને નિહાળી રહ્યો. એનું માપ કાઢતો હોય તેમ, એને પગથી માથા સુધી, નજરથી માપી રહ્યો

શું થાય છે એ જોવા માટે લોકો અધીરા બની ગયા.

સૌ સાંભળે તેમ જાદુગર બોલ્યો : 'જુવાન માણસ, તમને આ સુંદર સ્ત્રી, જોઈએ છે ને?'

પેલા વિદ્વાને માથું હલાવીને હા પાડી.

'તમે જાણો છો? કોણ છે એ? એ ભગવાનની માયા છે. એ સાચી છે. એ સાચી સ્ત્રી છે. આ બધા લોકો માનતા લાગે છે કે, એ તો ખોટી છે. એટલે કોઈ આગળ આવતા નથી. બાકી તો, એ બધા જ આને માટે મનમાં તો તલપાપડ થઈ રહ્યા છે!'

લોકો હસી પડયા.

'પણ હું રહ્યો જાદુગર. મારું કામ ખેલ કરવાનું, ખેલ બતાવવાનું. એ ખેલમાં, જો હું પોતે રમવા માંડું, તો પછી ખેલ બતાવી રહ્યો. એટલે આ વાતનો તમને તાગ બતાવી દઉં. પછી તમે જેમ તમને ઠીક પડે તેમ કરજો. બોલો, આ વાતનો મર્મ બતાવું?'

જુવાને મોટેથી કહ્યું: 'હા, હા. બતાવો!'

'ત્યારે જુઓ, આ છે માયા. સાચી છે. ખોટી નથી. એના રૂપરંગ, દેહ, બધું સાચું છે. પણ એ આ કુંડાળાની અંદર. કુંડાળાની બહાર, એ ખાલી હવા છે. એટલે તમારે એ જોઈતી હોય તો, આ કુંડાળામાં આવો. કુંડાળામાં તમે સાચા. એ પણ સાચી. કુંડાળા બહાર નીકળો, તો તમે રહો. પણ એ તો હવા જેવી હવા. બોલો, છે કબૂલ? આ માયાના કુંડાળામાં

રહેવાનું ? તો આવી જાઓ અંદર !'

પણ પેલો વિદ્વાન આ જાદુગરનાં વેણ સાંભળીને વિચારમાં જ પડી ગયો હતો. એના ગુરુ વારંવાર કહેતા: 'ભાઈ! ઈશ્વર જે કરે તે લીલા. ઇશ્વરની જે લીલાને તમે સ્પર્શો, તે થાય માયા. માયા અને લીલાનો આ ભેદ! '

પણ એને કોઈ રીતે, એ વાત સમજાતી ન હતી. ઇશ્વરની સૃષ્ટિનો માણસ ઉપભોગ કરે, ત્યાં એ માયા થઈ જાય? એ વાત એના મનમાં બંધ જ બેસતી ન હતી

અત્યારે અચાનક એ વાત એને સમજાઈ ગઈ ને એનું મન ગુરુચરણમાં દોડ્યું. એ આ વાત, ગુરુને કહેવા અધીરો થઈગયો. ત્યાં તો જાદુગરે એને ફરીને પ્રશ્ન કર્યો : 'બોલો ભાઈ! આ કુંડાળામાં આવવું છે? આંહીં છે મજા ! આ માયા તમારી.'

પણ પેલા શિષ્યે તો માથું હલાવી ના પાડી. ને વિદાય લીધી. અને પેલો જાદુગર પણ, હાથમાં લાકડી લઈ ને જાણે માયાને સંકેલી લેતો હોય તેમ બોલી રહ્યો હતો : 'માયાને જ્યારે કોઈ માનવી સંઘરતું

નથી, ત્યારે એ માયા રહેતી નથી. ત્યારે એ ઈશ્વરી લીલા રહે છે, અદૃશ્ય, અકળ. પળપળ હાજરા-હજૂર માયાનું પણ તેમ થાઓ!'

અને એક જ ઘડીમાં એણે પેલા ટોપલામાં પેલી સ્ત્રીને સંતાડી દીધી.

પછી એણે ટોપલો ઉઘાડયો. ત્યાં કોઈ હતું જ નહિ!

[ ૫ ]

# તરણા ઓથે ડુંગર !

તરણા ઓથે ડુંગર રહ્યા છે. એને અંગેની એક વાત છે.

એક વખત એવું બન્યું કે એક માણસ બેઠો બેઠો બાઇબલ વાંચે. બાઇબલ એ ખ્રિસ્તીઓનું ધર્મ-પુસ્તક છે. વાંચવાની જેને તમન્ના હોય, એને માટે વાચન, એ જાતઘડતરની વસ્તુ બની રહે છે. હવે આ માણસ બાઇબિલ વાંચે—એમાં એક વાકય આવે. 'ત્રિપોલી પ્રદેશ, એ યુરોપનો ધાન્યભંડાર હતો.'

બીજો કોઈ વાંચનારો હોત, તો તો, એ આ વાત વાંચીને આગળ ગગડાવ્યે જાત. અને મનમાં એમ સમાધાન મેળવત કે શાસ્ત્રવચનમાં શંકા નહિ.

પણ આ વાંચનારો માત્ર વાંચનારો ન હતો. એ શબ્દોના અર્થ જાણનારો હતો. એણે વિચાર્યું કે આફ્રિકાના કિનારા ઉપર ત્રિપોલી પ્રદેશ છે. આજ તો એ રેતીના રણ જેવો છે. એમાં નથી એકે લીલુંછમ

ઝાડ કે નથી કોઈ એવો મોટો જળભંડાર. તો એવો પ્રદેશ, આખા યૂરોપને અનાજ શીરીતે પૂરું પાડે ?

માટે આ વાકયમાં કાંઈક નવી વાત રહી છે.

એ તો એ પ્રદેશની બીજી હકીકતો પણ મેળવવા મંડયો.

હકીકત મેળવતાં મેળતાં એને એક વસ્તુ જડી આવી. એ પ્રદેશ પહેલાં જૂના વખતમાં, કાર્થેજ નામે ઓળખાતો. રોમ અને કાર્થેજ વચ્ચે ઘણાં ખુનખાર યુદ્ધો થયાં હતાં. ઇતિહાસમાં નોંધાયેલી એક વસ્તુ એને મળી આવી. રોમનો મહાન સરદાર હાનિબાલ નામે હતો. કાર્થેજ ઉપર એ ચડાઈ લઈ ગયો, ત્યારે એણે હાથીઓની સેના ત્યાં ઉતારી હતી.

હવે હાથીઓની સેના ઊતરે, એનો અર્થ એ થયો કે, ત્યાં જંગલ હોવું જોઈએ. પણ આજે ત્યાં કેવળ રેતી હતી.

ત્યારે એ જંગલ ક્યારે નાશ પામ્યું હશે ? જંગલ નાશ પામ્યું હોય તો, એ ભૂમિમાં, કોલસાની ખાણ હોવાનો સંભવ હતો.

એણે તો આ નાનકડા વાકયના આધારે, ભૂસ્તર-

શાસ્ત્રીની મુલાકાત લીધી. ભૂસ્તરશાસ્ત્રી જમીનની અંદરની વાત સમજે. એણે એને વાત કરી. કામ મુશ્કેલ હતું. જમીનની ઘણી ઘણી તપાસણી કરવી પડે, ત્યારે માંડ કાંઈક સમાચાર મળી આવે.

એટલો બધો વખત કોણ ધીરજ રાખે?

પણ એણે તો, આ વાતનો તાગ લેવાનો નિશ્ચય કર્યો હતો, એટલે પોતાના જેવા જ કોઈકને, આ તરણા ઓથે ડુંગરની વાત કહી.

બધાએ ભેગા મળીને, જમીનની બરાબર ચકાસણી શરૂ કરી.

અને એમની એ અથાગ મહેનત જ્યારે ફળી, ત્યારે તો કુદરતે જાણે, એમને નવાજી નાખવા ધાર્યા હોય, એવી વાત મળી આવી. આખી દુનિયાની કાયાપલટ થઈ જાય, તેવી વાત એમને મળી આવી એ શું વાત હતી?

એમને સૌને, જમીનની તપાસ કરતાં કરતાં માલુમ પડ્યું કે, એ જંગલો હજી પૃથ્વીનાં પેટાળમાં કોલસારૂપે પડયાં છે ને કોલસાની મોટી ખાણો ત્રીપોલીમાં મળવાનો સંભવ છે.

પણ ખરી આશ્ચર્યજનક વાત તો બીજી જ મળી.

પાણીનો મોટો ભંડાર પણ નીચે છે. આજ જ્યાં સહરાનું વિશાળ રેતસાગરસમું, સુક્કું, હજારો માઈલોનું મેદાન પડ્યું છે, ત્યાં નીચે, કેટલાક હજાર ફૂટ નીચે, મીઠા પાણીનો મહાસાગર આજે પણ મોજુદ છે: ખારા પાણીનો સમુદ્ર નહિ. મીઠા પાણીનો મહાસાગર.

હવે વિજ્ઞાનીઓની ને જમીનના પડેપડ જાણનારાઓની ટુકડી કામે લાગી. એમાંથી સૌને ખાતરી થઈ કે, એ મહાસાગરનું પાણી ઉપર લાવવાનું શક્ય છે. ને જો એમ બને તો, સહરાનું આખું રણ, એ મીઠા પાણીના હજારો માઇલ, વિશાળ મહાસાગર સમું બની રહે. એને કાંઠે દુનિયાએ ન જોયેલાં, એવાં નગરો ઊભાં થાય. સહરાના રણને બદલે, ત્યાં તો સેંકડો બંદરો ઊભાં થાય.

જ્યાં પાણીનું નામનિશાન નથી, ત્યાં મોટું સરોવર છલકાય.

હજી તો ગઈ કાલે જ શોધાયેલી, આ વસ્તુ ઉપર અત્યારે અનેક વિજ્ઞાનીઓની મીટ મંડાઈ છે: ને થોડા વખતમાં એ વસ્તુ શક્ય બને, એવો સંભવ પણ છે.

આફ્રિકા ખંડનો અને આખી દુનિયાનો નકશો પલટી નાખે, એવી આ મહાન ડુંગર જેવી વસ્તુ, એક નાના વાક્યને આધારે, શોધનારે શોધી કાઢી. એટલા માટે તરણા ઓથે ડુંગર રે—એ કવિતા અનેક અનેક રીતે સમજવા જેવી છે.

ઘણી શોધખોળો આ પ્રમાણે થઈ છે. એ શોધ-ખોળ કરનાર આપણા જેવાં માણસો જ હતાં. માત્ર એમણે એમની શક્તિનો બરાબર ઉપયોગ કર્યો. ધીરજ રાખી. ઘડીક આ વાત, ને ઘડીક પેલી વાત—ઘડીક આ કર્યું, ને ઘડીક તે કર્યું—એમ શક્તિને વેડફી નાખનાર, કાંઈ જ મેળવતા નથી.

જીવનસિદ્ધિ બીજું કંઈ નથી, કેન્દ્રિત થયેલી માણસની શક્તિ, એટલે જીવનસિદ્ધિ.

[ ૬ ]

# પ્રજાનો ગુણ

એક વખત એક ભારતનિવાસી ભાઈ ઇંગ્લંડ ગયેલા. તેમણે રસ્તામાં કોઈકની કાંઇક વસ્તુ પડી ગયેલ જોઈ. એમણે તરત એ વસ્તુ, પાસે ઊભેલા રસ્તાના સિપાઈ ને આપવા માટે ઉઠાવી લીધી. અને એને એ આપવા ગયા. પણ સિપાઈ નો જવાબ સાંભળીને તો એ નવાઈ પામી ગયા.

સિપાઈએ કહ્યું: ‘એ વસ્તુ રસ્તામાં જ્યાં પડી છે, ત્યાં જ, એને પડી રહેવા દો. કોઈ રાહદારી એને અડવાનો નથી. એટલે જેની વસ્તુ ખોવાણી છે, તે માણસ તે વસ્તુ શોધતો જ્યારે પણ આવશે, ત્યારે એને જ મળી જશે.’

હવામાં જ ફેલાઈ ગયેલી, અને સામાન્યમાં સામાન્ય માણસના દિલમાં પણ બેઠેલી, સામાજિક નીતિની અને નાગરિક ધર્મની આ વાત સાંભળીને એ છક્ક થઈ ગયા.

આપણે ત્યાં આવી રીતે રસ્તામાં પડેલી વસ્તુ એક મિનિટ પણ ત્યાં રહી શકે ખરી કે?

એ ઉપાડીને પોતાના ગજવામાં જ મૂકી દેવાની ચોરવૃત્તિ—સામાન્યમાં સામાન્ય માણસથી માંડીને, ઊંચામાં ઊંચા ગણાતા નાગરિક સુધી, ફેલાઈ ગયેલી છે.

આ વસ્તુનો પ્રજાએ વિચાર કરવાનો રહ્યો. શી રીતે આપણે ત્યાં, સામાન્ય માણસ પણ, સામાજિક નીતિની ભાવના ગ્રહણ કરતો થાય ને પોતાના નાગરિકધર્મને સમજે—આપણો મોટામાં મોટો પ્રશ્ન અત્યારે આ છે:

ચોરી અને લાંચરૂશ્વત ઉપર ચાલતી પ્રજા કે સરકાર, કાંઈ લાંબો વખત ટકી શકે નહિ. આપણને ખબર છે કે બાદશાહ શાહજહાનના સમયમાં એનો સાસરો જ, પરદેશી વેપારીઓ આવતા તેમની પાસેથી લાંચ લેતો, ત્યાર પછી જ એમને બાદશાહની મુલાકાત મળતી. મોગલ શહેનશાહના છેલ્લા દિવસોમાં એવી ભ્રષ્ટ રાજનીતિ ચાલી રહી હતી!

તો એ મોગલ શહેનશાહત જ્યારે તૂટી, ત્યારે કેવળ પાંચ જ વર્ષમાં એ હતી ન હતી થઈ ગઈ હતી.

દરેકે દરેક પ્રજાજન આવી અંધાધૂંધી પોતાને ત્યાં ન ફેલાય, એ માટે જાગૃત બને. તો જ આપણને મળેલું આપણે ભોગવી શકીશું.

[ ૭ ]

# કેવી હલકાઈ?

એક વખત એવું બન્યું કે હું પાલડીના ઢાળ પાસે ઊભો હતો. એટલામાં એક લારીવાળો, ઠીકઠીક માલ ભરીને, પરસેવે રેબઝેબ થતો ત્યાં આવ્યો. તેણે પોતાના ગજવામાંથી એક ચિઠ્ઠી કાઢી. મને વાંચવા આપી. ચિઠ્ઠીમાં લખેલું સ્થળ—પાલડીના ઢાળ પાસે—કઈ બાજુ આવ્યું છે, એ કહેવા માટે, એણે મને ચિઠ્ઠી વાંચવા આપી હતી.

અક્ષરો તો જાણે ઉતાવળે, જેમતેમ લખી માર્યા હતા. એ તો ઠીક. વાંચનારને ઠીક કસરત કરવી પડે. લારીવાળાને પણ ઠીકઠીક ખોટી થવું પડે. પણ લખનારે એ વિષે કાંઈ જ વિચાર કર્યો હોય તેમ જણાતું ન હતું—એ વાતને જાણે બહુ મહત્ત્વ ન આપીએ. પણ ચિઠ્ઠી વાંચીને મનમાં ખેદ થાય એવી વાત તો બીજી જ હતી.

એમાં આપણા નાગરિકધર્મનું તો દેવાળું હતું,

પણ એ ઉપરાંત માણસાઈની પણ હરરાજી હતી.

જે સ્થળે લારીવાળાને જવાનું હતું, એ સ્થળ પાલડીના ઢાળથી, ઓછામાં ઓછું અર્ધો માઈલ દૂર હતું. લખનારે, તે પાલડીના ઢાળ પાસે જ, એમ લખ્યું હતું, તે પણ ખોટું હતું. આમાં વપરાયેલો આ એક જ અક્ષર ‘જ’, પાલડીના ઢાળ પાસે ‘જ’ તદ્દન ખોટી વાત કરતો હતો. એ એક જ અક્ષર, લખનારના અંતરનો તાગ આપી દેતો હતો.

મેં જ્યારે મજૂરને કહ્યું કે, ‘ભાઈ, તારે જ્યાં જવાનું છે તે આંહીં પાસે નથી. આંહીંથી આટલું દૂર છે.’ ત્યારે મજૂર પહેલાં તો સ્તબ્ધ જ થઈ ગયો. અને પછી કાંઈક ખેદભરેલી ને ઠપકાવાળી વાણીમાં આટલું જ બોલ્યો:

‘અરે! શા’બ! શું તમારા જેવા ઉજળિયાત માણહ...પણ,’ તે પછી એ વિશેષ કાંઈ બોલ્યો નહિ. પણ એના અધૂરા વાક્યમાં એણે ઘણું કહી નાખ્યું હતું.

મેં કહ્યું: ‘કેમ એમ કહ્યું ભાઈ? શું વાત છે?’

‘અરે શા’બ! એણે મને કહ્યું કે, પાલડીના ઢાળ

પાંહે જ છે, એટલે મેં ભાડું એ પ્રમાણે ઠરાવ્યું. ને હવે આંઈયાં...કોને કહેવું ?'

લખનારો મધ્યમ વર્ગનો ભણેલો માણસ હતો. કેવળ એ કે ચાર આનાનો પોતાને ફાયદો થાય માટે એણે માણસાઈનું જ દેવાળું ફૂંકી દીધું હતું.

અને છતાં એણે તો એના મનથી, એમાં કેવળ વ્યવહારકુશળતા કે હોશિયારી જ માન્યાં હશે!

જીવન વિષેની આપણી સમજણ જ, આવા અણુ-ઘડ, અધૂરા અને વાહિયાત, નાનકડા લાભવાળા, ખ્યાલો ઉપર બંધાયેલી છે.

આપણા નૈતિક જીવનનું આ દેવાળું કહેવાય. આમાં નીતિ ક્યાં રહી? પણ ઘણાના માન્યામાં એ વાત નહિ આવે.

કારણ કે, આપણે નૈતિક જીવનનો ખ્યાલ આ વસ્તુ ઉપર બાંધ્યો છે. ગોખલામાં દીવો કરવો. પછી પગે લાગવું. પછી વ્યવહાર શરૂ કરવો. માળા ફેરવવી. સાંજે કથા સાંભળવી. પછી સૂઈ જવું. એમાં નિત્ય-જીવનની પ્રમાણિકતાને ક્યાંય સ્થાન જ નથી!

આ હવા આપણને મારી નાખી રહી છે—પ્રજાને નિર્માલ્ય અને ભયંકર રીતે બુદ્ધિહીન કરી રહી છે... પણ...એ કોણ સમજે? કોણ માને? આવી વાત કહેનારો જ જ્યાં મૂરખ ગણાય, ત્યાં આ નિત્યજીવનની વસ્તુની મહત્તા પણ શી? કાંઈ જ નહિ!

[ ૮ ]

## વ્યવસ્થા

એક વખત એવું બન્યું કે આપણા એક મોટા રાજદ્વારી પુરુષ ઈંગ્લંડમાં બસની રાહ જોઈને ઊભા હતા. ઘણું વહેલું હતું. હવા પણ ધુમ્મસવાળી હતી. બસના સ્ટેન્ડ ઉપર માત્ર એક જ માણસ ઊભો હતો. મુસાફર બીજા કોઈ તો હતા નહિ, એટલે આપણા આ રાજદ્વારી પુરુષ તો, આંહીંના આપણા રિવાજ પ્રમાણે આડા-અવળા ગમે ત્યાં ઊભા રહ્યા.

એટલામાં બસ આવી. પેલો જે એક માણસ ઊભો હતો, તે બરાબર વ્યવસ્થા પ્રમાણે—બીજા કોઈ મુસાફરો હતા નહિ છતાં—જ્યાંથી ચડવું ઘટે, ત્યાંથી જ ચડયો. ને આડીઅવળી કોઈ ઉતાવળ એણે કરી નહિ.

આપણા રાજદ્વારી પુરુષ, આ જોઈને, હવે સમજ્યા કે વ્યવસ્થા આ છે: ને એ, એ પ્રમાણે જ જળવાવી જોઈએ.

એક વખત આપણા એક 'સ્ટેન્ડ' પર હું

ઊભો હતો. ઘણું વહેલું હતું ને હું એકલો જ બેસવા-વાળો હતો. છતાં વેદિયાની પેઠે, હું બસસ્ટેન્ડ ઉપર જ ઊભો હતો !

એટલામાં બસ આવી. થોડે દૂર ઊભી રહી. અને એ ઊભી રહી ત્યાં જ, કાળા સાડલાની એક મોટી પલટન પણ ઊભી હતી. પલટન સાથે એક-બે ભાઈઓ હતા. બધાનાં વેશ ને મુખમુદ્રા ઉપરથી ઊંચા મધ્યમ વર્ગના, ઠીક શ્રીમંત ગણાય એવા વર્ગના, માણસો લાગતા હતા. ભણેલાગણેલા પણ કહી શકાય.

એમણે બધાએ તો તરત જ 'બસ'માં બેસવા માંડ્યું.

હું તો જ્યાં 'સ્ટેન્ડ' ઉપર ઊભો હતો, ત્યાં ઊભો જ રહ્યો. અને બન્યું એવું કે આખી બસના માણસો તેમાં આવી ગયા. હવે જેને લેવો હોય તેને ઊભો રાખવો પડે.

બસ ઊપડવાની તૈયારી હતી ત્યાં એ બસવા-ળાની નજર પડી કે, પોતાના 'સ્ટેન્ડ' પાસે એક માણસ ઊભો છે.

એટલે એણે મને બોલાવ્યો. પણ આખી બસના

માણસો ટિકિટ લીધા વિના અને વળી 'સ્ટૅન્ડ' વિના ચડી બેઠા હતા, એથી મેં પગલું આગળ ન ભર્યું. મેં કહ્યું: 'હું આંહીં 'લાઈન'માં ઊભો જ રહ્યો છું. ચડનારાં બધા જ ખોટી રીતે ચડ્યા છે!'

પણ એટલું સાંભળતામાં તો આખી પલટન મારા ઉપર તૂટી પડી: 'અરે, તમે પહેલાં બેસજો. અમે ઊભા રહીશું! ઓહોહો! શું કળજુગ આવ્યો છે?'

છેવટે એમાં મને જગ્યા મળી. ને એમાં હું બેઠો તો ખરો, પણ છેક પાલડીના ઢાળ સુધી કાળા સાડલાની આખી પલટને, 'માણસ કેવાં કળજગિયાં થઈ ગયાં છે' તેની જ વાતો કર્યા કરી!

આ છે, આપણી સમજણ.

આપણે ક્યારે સમજીશું કે નિયમોને બરાબર રીતે જાળવવા, એનું નામ જીવનની વ્યવસ્થા છે. ને એવી વ્યવસ્થા જ, નીતિનો પાયો નાખી દે છે.

[૯]

# એક જૂની દૃષ્ટાંત-કથા

એક વખત એક બ્રાહ્મણ તપાસ કરવા નીકળ્યો. એની તપાસ હતી કે કોઈ સારો દાતાર મળી જાય. પોતાની જીવન જરૂરિયાત માટે એ નીકળ્યો હતો. એના મનમાં એમ પણ ખરું કે કોઈ સાચો દાતાર-હરિનો લાલ મળી જાય તો જ એને યાચવો, નહિતર કાંઈ નહિ.

એ પ્રમાણે એ ઘેરથી સંકલ્પ કરીને નીકળ્યો.

એ જતો હતો ત્યાં રસ્તા ઉપરથી એણે એક વૃક્ષ જોયું. ઘાટી છાયામાં તેણે કોઈને ત્યાં બેઠેલ જોયો. વધુ ઝીણવટ ભરેલી રીતે જોયું તો એની આંખ બેની ચાર થઈ ગઈ.

ત્યાં કોઈ દંપતી કાંઈક રમત રમી રહ્યું હતું એવું લાગ્યું. પણ બ્રાહ્મણને નવાઈ તો એ લાગી હતી કે એમાં એક તો જટાજુટધારી બાવાજી હતા અને એની પડખે બેઠેલ સ્ત્રી સોળ શણગાર સજી

જાણે સાક્ષાત લક્ષ્મી હોય તેવી જણાતી હતી.

આવી વિચિત્ર જોડી જોઈને, બ્રાહ્મણ કુતૂહલતાનો માર્યો, એ વૃક્ષ તરફ ગયો.

ત્યાં જઈને જુએ છે, તો એક જટાજુટધારી ભસ્માંકિત દેહવાળા, તેજસ્વી યોગીરાજ બેઠા છે. અને એની સામે જાણે સાક્ષાત લક્ષ્મીનો અવતાર હોય તેવી, એક નારી બેઠી છે. એના આભૂષણોનો પાર નથી, અને એના રૂપનો પણ પાર નથી.

બ્રાહ્મણના મનમાં એમ પણ થયું કે, આ શંકર-પાર્વતીની જોડી તો નહિ હોય? સંસારમાં આનંદ કરવા આવ્યાં હોય. એણે સાંભળ્યું હતું કે દેવોને પણ ઘણી વખત સ્વર્ગનો થાક લાગે છે. એકલું સુખ સુખ ને સુખ, આરામ, ચેન, વિનોદ, આળસુ વિરામ; એ બધાથી ક્યારેક દેવતાઓ થાકી જાય છે. ને એમને પણ મન થઈ આવે છે, સંસાર જોવાનું. સુખ અને દુઃખ બન્ને સંસારમાં છે. આરામ અને ધમાલ બન્ને છે. વિનોદ અને વિપત્તિ બન્ને છે. એવા ચિત્રવિચિત્ર સંસારના રંગ જોવાનું દેવોને પણ મન થાય છે. દેવો પણ માને છે કે, મજા સંસારમાં છે. એમના સ્વર્ગમાં તો શું હતું?

જીવનની જે મજા, સંસારમાં છે, એ સ્વર્ગમાં ક્યાં છે?

એટલે બ્રાહ્મણના મનમાં થયું કે, કહો ન કહો, પણ આ હિમાલયના શિખર ઉપરથી, શંકર—પાર્વતી જ આંહીં આવ્યાં લાગે છે. ને આ સુંદર વૃક્ષની સુંદર છાયા જોઈ ને, ચોપાટ રમવા બેસી ગયાં છે!

હાસ્ય વિનોદ, આનંદ, રસિક માર્મિક મશ્કરી, બન્ને કરતાં જાય છે, અને ચોપાટ ખેલતાં જાય છે! ચોપાટ ને શેતરંજ શોધ્યાં ભલે ગમે તેણે હોય, પણ એ બન્નેએ સંસારીઓના થાક ઉતારવામાં જેવો તેવો ભાગ ભજવ્યો નથી. આ બ્રાહ્મણ પણ, ત્યાં જોવા ઊભો. ચોપાટના ખેલના રંગમાં રંગાતો ગયો. અને પોતાનું જવાનું ભૂલીને, ત્યાં ને ત્યાં આ રમ્મત જોતો ઊભો રહ્યો!

એટલામાં તો પેલા જોગીરાજ રમતાં રમતાં ચોપાટનાં સોગઠાં ફેંકી દઈ ને, હસતા હસતા ઊભા થઈ ગયા, અને મોટેથી બોલી ઊઠ્યા: 'હવે તમે મફતનાં બેઠાં છો. તમે હાર્યાં. હું જીત્યો!'

'ના, પણ હજી હું જીતી શકું તેમ છું, ત્યાં સુધી હાર્યો દાવ મારે લેવો નથી.' લક્ષ્મી જેવી હતી, તે

સ્ત્રી બોલી.

'એમ તો, એકની એક ચાલ ચાલ્યા કરીએ, તો દિવસ આથમી જાય, ને દાવ પૂરો પણ ન થાય. પણ જેણે એમાં પહેલો દાવ લઈ લીધો, તે જીત્યો કહેવાય.'

'એમ હોય કાંઈ? હરાવ્યા વિના, કાંઈ કોઈને હરાવ્યા ગણાય?'

યોગીરાજ બોલ્યા: 'પણ તો તો આ આપણો દાવ કોઈદી પૂરો જ ન થાય. હું હાલ્યા કરું ને તમે પણ હાલ્યા કરો. પણ ચાલ એકની એક. એટલે મેં પહેલો દાવ નાખ્યો છે, ને એકની એક ચાલ ચાલવી પડે એવી તમારી વાત બની ગઈ છે, માટે તમે હાર્યાં. હું જીત્યો!'

'એમ નહિ...' લક્ષ્મી જેવી પેલી સુંદર સ્ત્રી બોલી: 'આપણે, આ આપણો એક પ્રેક્ષક છે, એ બધું રસથી નિહાળી રહ્યો છે, એને પૂછીએ. એનો મત લઈએ.'

જોગીરાજે એ કબૂલ કર્યું. એટલે પેલા બ્રાહ્મણને એમણે વધારે પાસે બોલાવ્યો. ને પ્રશ્ન કર્યો: 'અમારા બેમાં કોણ જીત્યું? તું જોતો હતો બરાબર, એટલે સાચો જવાબ દેજે!'

બ્રાહ્મણના મનમાં થયું કે, જીત્યો છે તો જોગીરાજ, પણ આપણે એને જીત્યા કહીએ, તો એ જટા ખંખેરે એવા છે. એના કરતાં આ લક્ષ્મી જેવી જગદંબા જીત્યાં છે, એમ કહીએ, તો આપણને કાંઈક મળે.'

એમ વિચારીને એણે કહ્યું, 'જીત્યાં છે, આ જગદંબા લક્ષ્મીદેવી !'

અને આ બન્ને તો શંકર-પાર્વતી જ હતાં, એટલે પાર્વતીએ શંકરને કહ્યું: 'લ્યો જોગીરાજ ! હવે? આ બ્રાહ્મણ તો ખોટું નહિ બોલતો હોય ?'

અને પાર્વતીએ, પોતાના કંઠમાંથી ઉતારીને, એક મોતીની માળા જ બ્રાહ્મણને આપી દીધી.

બ્રાહ્મણ તો ખુશ થતો થતો ઘેર ગયો, પણ જ્યાં ઘેર પહોંચ્યો, અને પોતે એકલો હતો એટલે બારણું ઉઘાડે છે ત્યાં, એના હાથમાં લટકતી માળા ઉપર સમળીની દૃષ્ટિ પડી, કે કોણજાણે શું થયું, પણ એના હાથ ઉપર એક ઝપટ આવી ને હજી તો શું થયું, એ જાણે તે પહેલાં, માળા ઉપડી ગઈ !

બ્રાહ્મણ તો પાછો હતો તેવો, ધોયેલ મૂળા જેવો થઈ ગયો.

બીજે દિવસે પાછી એણે એ જ વાટ લીધી.

જોગીરાજ ને પાર્વતી ત્યાં બેઠાં છે. એ જ વૃક્ષ. એ જ છાયા. એ જ સમય. ને એ જ રમ્મત ચાલે છે.

બ્રાહ્મણ તો ગઈ કાલની પેઠે, આજે પણ ત્યાં રમ્મત નિહાળતો ઊભો. એને મનમાં ચટપટી થાય છે કે, જો કાલના જેવો મામલો થાય, તો આજ તરત નિર્ણય આપી દઉં !

ને બન્યું પણ એવું જ. બ્રાહ્મણે જાણી જોઈ ને, પાર્વતીદેવીના લાભમાં ફેંસલો દીધો. જોગમાયા જુગદંબા તો રાજીરાજી થઈ ગયાં કે, ભાળો આ બ્રાહ્મણ ઠીક કામ આવે છે. એમણે તો ડોકમાંથી સોનાનો સવા લાખનો હાર કાઢીને બ્રાહ્મણને આપી દીધો.

હવે બ્રાહ્મણ જ્યાં ઘેર ગયો ત્યાં પડખેવાળાં એક શેઠાણી કાંઈક મુહૂર્ત જોવરાવવા આવ્યાં.

એમણે આ હાર જોયો ને પોતે સોની, એટલે વિચાર્યું કે, બ્રાહ્મણભાઈ આ હારને લાયક નથી. ક્યાંકથી કમાઈ તો આવ્યા છે, પણ એને માટે અધિકાર તો આપણો છે.

એટલે એમણે હારની પ્રશંસા કરી. અને સાથે સાથે એના મનમાં શંકા મૂકી. ‘વખત છે ને તમારા હાથમાં કોઈ જોઈ ગયું હશે, તો રાત્રે જ ચોરી થઈ જશે. એના કરતાં આજનો દી અમારે ત્યાં, લોઢાની તિજોરીમાં મૂકી દો. ને કાલે પછી, તમે ઘરમાં બંદોબસ્ત કરી લેજો. અમે જ બંદોબસ્ત કરી દેશું. ને રાત્રે આની કારીગરી પણ અમે જોઈ લેશું કે, એવો જ બીજો કોઈકને કરાવવો હોય તો અમે કરી શકીએ. કારીગરી જાણી હોય તો કામ આવે!’

બ્રાહ્મણને પણ વાત તો સાચી લાગી. કારણ કે એણે માળા તો જોતજોતામાં ખોઈ હતી. એમ આ હાર પણ જાય. એટલે એણે હાર શેઠાણીને સાચવવા માટે આપ્યો. રાતની રાત.

બીજે દિવસે સવારમાં જ બ્રાહ્મણ તો એ હાર પાછો લેવા દોડતો ગયો. પણ ત્યાં કેવા શેઠ ને કેવાં શેઠાણી? કોઈ ઘેર જ મળે નહિ. ખંભાતી લટકે!

આવશે ત્યારે મળશું, એમ મન મનાવી બ્રાહ્મણ ભાઈ ઘેર આવ્યા. મનમાં પસ્તાતા હતા. પણ શું થાય? અને પછી આજે ત્રીજે દિવસે પણ, પાછા ત્યાં

જવા નીકળ્યા.

જોગમાયા ને જોગંદર, બસ ત્યાં પાછાં એ જ રમ્મત માંડી બેઠાં છે. ને પળપળનો આનંદ વિનોદ તો એવો કરે છે કે, ઘડીભર ઠુંઠાં ઝાડને પણ કુંપળ કાઢવાનું મન થઈ જાય! આ અદ્ભુત પ્રેમવિનોદ સાંભળવા તો બ્રાહ્મણ ત્યાં ઊભો રહ્યો!

ત્રીજે દિવસે પણ બન્યું તો એ જ. કોણ જીત્યું—એ પ્રશ્ન આવ્યો. બ્રાહ્મણભાઈ, હવે તો લોભમાં હતા. સાચું જાણતા હતા, ને ખોટું બોલતા હતા. એટલે આજે પણ ફેંસલો તો, જુગદંબાના લાભમાં જ આવ્યો.

આજ, મા જુગદંબાએ એક લાકડી એને આપી. લાકડી પોલી, પણ અંદર હીરા માણેક મોતી ભરેલાં. બ્રાહ્મણ તો ખુશ ખુશ થતો ઘેર ગયો. પણ જ્યાં હજી તો ગામના પાદરમાં ઊભો છે, ત્યાં કોક ભરવાડ ઉતાવળે દોડતો આવ્યો, ને બ્રાહ્મણના હાથમાંથી લાકડી લેતોક ને બોલ્યો: મા'રાજ! હમણાં લાકડી પાછી આપું છું. પેલું ડોબું ભાગી જાય છે, તે જરાક હાંકી આવું!' એમ બોલતોક ને એ તો દોડયો જ ગયો!

મા'રાજ તો એને જતો જોઈ રહ્યો. ડોબાની

પાછળ એ તો થોડી વારમાં અદૃશ્ય પણ થઈ ગયો.

કોણ ભરવાડ હતો, ને શી વાત હતી, એ મા'રાજ કાંઈ જાણતા નથી.

એ તો પાછા હતા તેવા ને તેવા ધોયેલ મૂળા જેવા ઘેર ગયા!

પણ લોભનો માર્યો, ચોથે દિવસ પણ, એ પાછો ત્યાં જવા ઊપડ્યો.

હંમેશની પેઠે ત્યાં જઈને ઊભો. ત્યાં તો એની એ રમ્મત ચાલી રહી છે. બ્રાહ્મણ શાંત ઊભો રહ્યો, ને ઊભો ઊભો, એમને રમતાં જોઈ રહ્યો.

આજ પણ કોણ જીત્યું, એ પ્રશ્ન આવીને ઊભો. ને એકના એક જોનારા બ્રાહ્મણભાઈને એ વાતનો નિર્ણય કરવાનું, હંમેશની જેમ આમંત્રણ મળ્યું.

પણ આજે બ્રાહ્મણને થયું કે, આપણને જે સાચું લાગ્યું છે, તે બોલવું. આજે લોભ લાલચમાં ન પડવું. અને એને જે સાચું લાગ્યું હતું, એ એણે કહ્યું. જોગીરાજ ખરી રીતે જીતતા હતા. બ્રાહ્મણનો નિર્ણય સાંભળીને જોગીરાજ તો નાચવા લાગ્યા. અને ખુશ-

ખુશ થઈ ગયા. પણ બ્રાહ્મણને આપવાનું, એમની પાસે શું હતું? કાંઈજ નહિ. ખંખેરી ખંખેરીને જટા ખંખેરે તો એમાંથી શું નીકળે? છેવટે એક ખોટા જેવો નાનકડો સિક્કો, એમની પાસે હતો, તે એમણે એને આપ્યો. 'લો મહારાજ! મારી પાસે તો આ છે, પણ તમે આજ લોભલાલચ છોડીને સત્ય કહ્યું, એ વાત જેવી તેવી કિમ્મતી નથી!'

બ્રાહ્મણ તો નિરાશ થઈ ને ઘર તરફ વળ્યો. એને આજ તો કાંઈ ન મળ્યું. એ ઘેર આવ્યો. નિરાશ થઈને બેઠો. એટલામાં અચાનક વાવંટોળ જેવું થયું. અને એમાં ઝાડ ઉપરથી પેલો મોતીનો હાર પડ્યો. સમળી ઉપાડી ગયેલી, તે સમળીએ કાંઈક ખાવાનું જાણીને ઉપાડેલ. પછી તો ખાવાનું ન નીકળ્યું, એટલે એમ ને એમ ઝાડ ઉપર હારને રહેવા દઈને, એ ઊડી ગયેલી. એ હાર આજે ઝાડ ઉપરથી પડ્યો. બ્રાહ્મણ તો ખુશ ખુશ થઈ ગયો. પણ હજી તો એ હાર જુએ છે, ત્યાં પેલી શેઠાણી આવી. એના છોકરાને મંદવાડ આવી ગયો હતો. એટલે એને બ્રાહ્મણનું ધન લીધાનો વહેમ પડ્યો, ને એ હાર પાછો દેવા આવી.

બ્રાહ્મણ તો મનમાં ને મનમાં વિચાર કરે છે કે, આ બધું એના સત્ય બોલવાના પરિણામરૂપે તો નહિ હોય?

એના આ ડગુમગુ વિચારને દૃઢ બનાવનાર, ત્રીજી વાત પણ બની.

પેલો ભરવાડ એની લાકડી પાછી આપવા માટે એને શોધતો શોધતો આવ્યો.

આ પ્રમાણે થતાં તો બ્રાહ્મણને હવે ખાતરી થઈ ગઈ કે, ચોક્કસ, છેવટે વિજય અપાવે છે, સત્ય.

એ રાહ જોવરાવે, પણ છેવટે એનો જ વિજય હોય.

[ ૧૦ ]

# રૂપનું અભિમાન

એક વખત એક નવાઈની વાત બની. એક ધર્મશાળાના માલિક પાસે બે સ્ત્રીઓ હતી. એ ધર્મ-શાળાને સાચવતી અને આવતા જતા માણસોની રસોઈ, સારવાર વગેરે કરતી. એથી એમની આજીવિકા ચાલતી અને લોકોને સગવડતા મળતી.

પણ આમાં હતું એવું કે, આ બેમાંથી એક બાઈ જરાક નમણી હતી. તો બીજી કદરૂપી હતી. હવે જે નમણી હતી, તેની જીભમાં ભાગ્યે જ નમ્રતા રહેતી. ને જે કદરૂપી હતી તે ભાગ્યે જ અવિનયી બનતી. એટલે બનતું એવું કે જે ત્યાં આવતા, તે પેલી કદરૂપી બાઈની સેવાભાવનાને વખાણતા જતા.

આ વાત ધર્મશાળાના માલિકને રુચતી ન હતી. એના મનથી એ એમ માનતો હતો કે, પોતાને ત્યાં આ નમણી બાઈ છે, તો લોકોને આંહીં આવવાનું મન થાય છે, અને એથી એનો જીવનવ્યવહાર નભે છે.

આવું ને આવું હંમેશાં ચાલે. લોકો તો જે આવે તે એમ વિચારે કે, ધર્મશાળામાં એમનો કોણે સત્કાર કર્યો? એમને કોની પાસેથી વિનયભર્યો જવાબ મળ્યો? કોણે એમને પ્રેમથી સરખી રીતે જમવાનું પીરસ્યું? અને તેથી પેલી કદરૂપી પણ વિનયશીલ બાઈનાં વખાણ કરતા ચાલી નીકળે.

છેવટે તો ધર્મશાળાનો માલિક, આ કદરૂપી બાઈનાં વખાણ સાંભળી સાંભળીને કંટાળ્યો. એણે વિચાર્યું કે આ કદરૂપીને જો અહીંથી કાઢીએ તો પેલી નમણી બાઈની કાંઈક કદર થાય!

આવો વિચાર કર્યો ને તે વાત પાછી એમને બન્નેને કહી દીધી. પેલી કદરૂપી બાઈને રજા આપી દીધી

પણ બન્યું એવું કે એવું થતાંની સાથે જ એની ઘરાકી તૂટવા માંડી. નમણી બાઈની જીભમાં તો કાંટા હતા.

એટલે એ પાછો પેલી કદરૂપી બાઈને બોલાવવા ગયો. પણ પેલીએ હવે એમ કહીને એને ત્યાં આવવાની ના પાડી કે, તને આટલી વાતની પણ ખબર નથી કે; ભગવાન પોતે પણ, આ બંને ભાગ્યે જ ભેગાં

રાખી શકે છે—રૂપને અને ગુણને! આટલી વાતની તને ખબર નથી, તો તારે ત્યાં આવીને હવે મારે શું કરવાનું હતું?

પણ ધર્મશાળાના માલિકને તો ઘણી ગરજ હતી. એટલે એનો આ જવાબ એણે સાંભળ્યો ન સાંભળ્યો કર્યો. કાંઈ બોલ્યો નહિ ને ઘેર આવ્યો.

ઘેર આવીને એણે પોતાના એક વિચારવંત મિત્રને આ બાઈનો જવાબ સંભળાવ્યો.

પેલો માણસ વિચારવંત હતો. તેણે કહ્યું: 'પણ તમે કોઈ દિવસ વિચાર કર્યો છે ખરો કે માણસ જે વર્તન કરે છે એ એનું વર્તન ક્યાંથી આવે છે?'

'કેમ ક્યાંથી આવે છે? વર્તનને ક્યાંથી આવવાનું? માણસ કોઈ આમ વર્તે, કે કોઈ તેમ વર્તે; એમાં શું?'

ના, આંહીં જ તમારી ભૂલ થાય છે. માણસનું વર્તન, એના મનનો પડઘો પાડે છે. આ બન્ને બાઈઓને તમે કામ તો એક જ સોંપ્યું છે. જે લોક આંહીં આવે, તેમની સગવડતા સાચવવાનું અને વિનયથી

એમને જવાબ મળે એ એમને જોવાનું છે. એ બન્ને એ સમજે છે, છતાં આમ કેમ થાય છે? તમે એનો વિચાર કર્યો નથી.'

'કેમ એમ થાય છે? એનું શું કાંઈ કારણ છે?'

'હા. ત્યારે જે નમણી બાઈ છે તેને પોતાના રૂપ વિષે એટલું બધું અભિમાન છે કે, એનું રૂપ એ રૂપ રહેતું નથી. અને તેથી અભિમાનમાં ને અભિમાનમાં વારંવાર અવિવેક કરી નાખે છે. ત્યારે જે કદરૂપી છે, તે પોતાના કદરૂપ વિષે પણ એટલી જ ભાનમાં છે. એટલે એ સતત જાગ્રત રહે છે કે મારું રૂપ ઠેકાણા વિનાનું છે. એમાં ક્યાંક શબ્દો પણ ઠેકાણા વિનાના નીકળી ન પડે! એટલે એ વિનયને સંભાળે છે. આ બન્ને બાઈઓના વર્તનનું આ કારણ છે. આટલી વાત એ બન્ને સમજી જાય—તો બન્નેના વર્તનમાં પછી ફેર નહિ હોય!'

ધર્મશાળાના માલિકને પણ આ વાત સાચી લાગી. એણે એક જુક્તિ કરી. એણે પોતાના જ એક મશ્કરા નોકરને સાધ્યો. એને શીખવ્યું કે તારે હાલતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં, જમતાં, હાથ ધોતાં—આ નમણી

બાઈનાં રૂપનેજ વખાણ્યા કરવું ! આખો દિવસ !

હવે થયું એવું કે, આ પ્રમાણે ચોવીસે કલાક આ સાંભળવા મળ્યું, ત્યારે પેલી બાઈને એનો જ કંટાળો છૂટયો.

એમાંથી એ પોતાના રૂપ વિષે અભિમાન કરતી બંધ થઈ ગઈ! આખો દિવસ એ જ સાંભળવા મળ્યું એટલે!

અને તરત જ એના સ્ત્રીસહજ સ્વભાવમાં જે કુદરતી મધુરતા હતી, તે એની વાણીમાં દેખાવા માંડી.

અને થોડા જ વખતમાં ધર્મશાળાના આગંતુકો જ કહેવા માંડયા કે એનો વિવેક વળી વધારે શોભે છે!

[ ૧૧ ]

# પોતાની મર્યાદા જાણો !

એક વખત એવું બન્યું, એક મહારાજા પાસે એક પટાવાળો રહે. આમ તો, એ પટાવાળો બરાબર. પણ એના મનમાં એને હમેશાં લાગે કે, પોતે પછાત રહી ગયો છે. એને તો એમ પણ લાગે કે પોતે દીવાન જેવું કામ કરી શકે તેમ છે, છતાં રહ્યો છે પટાવાળો !

એક વખત શંકરાચાર્ય ત્યાં આવે. મહારાજા પોતાના માણસો સાથે એ વિષે વાતો કરે. પટાવાળો એ સાંભળે. મહારાજા ચતુર હતા. તે આ પટાવાળાનું મન જાણતા હતા. તેના ખોટા ગર્વને પણ સમજતા હતા. એમણે આ તક પકડી. પટાવાળાને બોલાવ્યો. એને કોઈ મહત્ત્વનું કામ સોંપતા હોય તેવા અવાજમાં, મહારાજાએ કહ્યું: 'અહીં શંકરાચાર્ય આવ્યા છે તો તમે તપાસ કરી આવો ને, ક્યાં જવાના છે?'

પટાવાળો તો પોતાનું મહત્ત્વ વધ્યું જાણીને, એકદમ દોડયો. તપાસ કરી આવ્યો. આવીને, શંકરાચાર્ય

જે સ્થળે જવાના હતા, તે સ્થળ વિષે કહ્યું.

પણ મહારાજાએ તરત એને સવાલ પૂછયો: 'કેટલા દિવસ ત્યાં રોકાશે ?'

પટાવાળો તો દોડયો. એ પણ પૂછી આવ્યો. મહારાજાએ તો તરત એને ત્રીજો સવાલ કર્યો: 'પાછા ફરતાં, આ રસ્તો લેશે કે બીજો ?'

પટાવાળાને તો પોતાના પગ ઉપર જ વધુ વિશ્વાસ હતો. એ વળી દોડયો ગયો, આવીને પાછા સમાચાર આપ્યા. પણ મહારાજાએ તરત પાછો સવાલ કર્યો: 'આ રસ્તે પાછા ફરશે તો આંહીં રોકાવાનું બની શકે તેમ છે ?'

પટાવાળો તો વળી દોડયો. એ દોડવામાં ઘણો હોશિયાર હતો અને પગનો નરવો હતો. એમ ને એમ એને પાંચ-છ વખત દોડવું પડયું.

એટલામાં દીવાન સાહેબ આવ્યા. એટલે મહારાજાએ પેલા થાકીને હાંફતા પટાવાળાને, એની મર્યાદાનું ભાન આપવા માટે એ સાંભળે તેમ જ દીવાન સાહેબને કહ્યું: 'શંકરાચાર્ય મહારાજ આંહીં આવ્યા છે, તો તમે તપાસ કરી આવો ને. એમનો શું પ્રવાસ છે, એ

ખબર પડે

દીવાન તરત ગયા અને શંકરાચાર્યને મળ્યા. આંહીંથી ક્યાં જવાના છે, ત્યાં કેટલા દિવસોનું રોકાણ છે પછી શું યોજના છે, કયે રસ્તે પાછા ફરશે, આંહીં મુકામ કરવાનો વખત હશે કે નહિ? મુકામ કરે તો કેટલો વખત રહી શકે તેમ છે—તમામ જોઈતી તપાસ એક જ ફેરામાં, એક જ વખતે કરીને, દીવાન સાહેબ પાછા આવ્યા. ને બધી વાત મહારાજાને કરી.

મહારાજાએ એ વખતે પેલા પટાવાળાને ખાસ વધુ નજદીક આવવા કહ્યું. પટાવાળાએ સાત-આઠ વખત પગના ધોડા કર્યા હતા. લેશ પણ મગજ વાપર્યું ન હતું. એ વાત એના ધ્યાન ઉપર લાવવા માટે જ મહારાજાએ એને વધુ નજીક બોલાવ્યો હતો. કારણ કે બીજી બધી રીતે એ ઘણો વિશ્વાસુ ને ભરોસાપાત્ર માણસ હતો. પણ પોતાની મર્યાદા જાણ્યા વિના એ મનમાં ને મનમાં હમેશાં દુઃખી થતો કે, આ કામ તો હું પણ કરી શકું. મહારાજા કોઈને કાંઈ કામ સોંપે ને આ પટાવાળાને થાય કે એ કામ તો હું પણ કરી દઉં!

એની આ ટેવનું મારણ કરવા માટે જ, મહારાજાએ

આજે એને પણ દોડાવ્યો હતો ને એ જ કામ, દીવાનને સોંપ્યું હતું. કામ કામ વચ્ચેનો તફાવત, એને એની મેળે સમજાય તો એ નાહકનો મનમાં અસંતોષ રાખતો હતો તેમાં ફેરફાર થાય. તે પોતે જે કાર્યને માટે લાયક હતો તે કાર્યથી જ સંતોષ મેળવે.

અને બન્યું પણ એવું જ. ત્યાર પછી પટાવાળો પોતાની મેળે જ વિચાર કરી રહ્યો. પોતાના ઘોડા ઉપરથી જ પોતાના મગજની શકિતનું માપ, એ સમજી ગયો હોય તેમ જણાતું હતું.

મહારાજાએ એને પ્રેમથી પૂછ્યું પણ ખરું–' કાંઈ સમજ્યો હવે ?'

અને એણે જવાબ વાળ્યો. પોતાના ઘોડા કરનાર પગ બતાવીને કે ' મારે આ છે, પણ આ જરા ઓછું છે!' આ એટલે મગજ.

મહારાજાએ હસીને કહ્યું : 'ત્યારે તું સમજ્યો ખરો !'

# માનવતાનો વિજય!

જર્મનીમાં એક મહા જાગીરદાર હતો. એ જાગીરદારને એક નિયમ હતો કે પોતે સવારમાં જ્યારે પોતાના ઘોડા ઉપર ફરવા નીકળે, ત્યારે જે કોઈ ભગત–ભિખારી, માગણ, અપંગ, નિરાધાર, એવા રસ્તે મળે એમને પોતે સિક્કા આપતો જાય. એમના જીવનમાં કાંઈક રાહત પોતે આપી શકે છે એવો આંતરસંતોષ એ લે.

એના આ નિયમમાં કોઈ દિવસ ફેરફાર થતો નહિ. એટલે બન્યું એવું કે, એ જે રસ્તે ફરવા નીકળતો, એ રસ્તે ભગત–ભિખારી, અપંગ, નિરાધારની લાઈન લાગી જતી. રોજ એ લાઈન વધતી પણ જતી હતી. પણ જાગીરદાર તો પોતાનો નિયમ, શ્રદ્ધાથી પાળતો રહ્યો. માણસો વધ્યાં તો પણ આપતો રહ્યો.

હવે એક વખત એવું બન્યું કે રોજના નિયમ પ્રમાણે એ ફરવા નીકળ્યો.

પોતે આપતો હતો તેમ, સિક્કાઓ આપતો

આપતો એ પોતાના ઘોડાને ધીમે ધીમે આગળ ચલાવતો જતો હતો. માણુસોની લંગર લાગી હતી. કોઈ રહી ન જાય એની સંભાળ લેતો, એ આગળ ગયો.

એક અપંગ જેવો ભિખારી એની પાસે આવ્યો. એનો એક પગ તદ્દન અશક્ત જણાતો હતો. એ માંડ-માંડ પોતાની કાખઘોડીની મદદથી ચાલી શકતો હોય તેમ દેખાતું હતું.

એને જોઈને હરકોઈને દયા આવે, એવો એનો ચહેરો હતો. એ પોતાની નિરાધારી માંડમાંડ સહન કરી રહ્યો હોય તેમ જણાતું હતું. એની માગવાની રીત પણ સામાના દિલને પિગળાવી દે તેવી હતી. એને જોઈને આ જમીનદારે, એને કાંઈક વધારે સિક્કા આપ્યા. અને પોતે તો પછી પોતાને હમેશને રસ્તે, ઘોડા ઉપર આગળ વધી ગયો.

પણ બન્યું એવું કે, કોઈ દિવસ પાછળ ફરીને ન જોનાર આ જમીનદારે, આજે અકસ્માત, પોતાના ઘોડા ઉપર બેઠાં બેઠાં પાછળ ડોક ફેરવીને જોયું, અને એ જરાક નવાઈ પામી ગયો.

એણે ત્યાં શું જોયું? જેને આજે છેલ્લું દાન

આપ્યું હતું, તે અપંગ, નિરાધાર, કાખઘોડી રાખનારો ભિખારી, ત્યાં કૂદી રહ્યો હતો. અને પોતે કેવી સીફતથી, પોતાનો એક પગ ખોટો કરી બતાવ્યો હતો, એની વાત કરીને, ત્યાં ટોળે મળેલા ભિખારીઓને હસાવતો હતો, અને એ પોતે પણ હસતો હતો. એ કાખલી કૂટતો હતો, કૂદકા મારતો હતો, મશ્કરી કરતો હતો, અને સૌ ખડખડાટ હસતા હતા.

જમીનદારે તો અકસ્માત જ, આજે પાછળ જોયું હતું. પણ બન્યું એવું કે, બરાબર તે વખતે જ, આ માણસની ઠઠ્ઠા મશ્કરીઓ એની નજરે પડી ગઈ અને પેલા માણસની નજર પણ, એ જ વખતે જમીનદારને જોઈ ગઈ. એક પળભર, જાણે કે બન્નેની નજર અકસ્માત મળી ગઈ.

જમીનદાર તો કાંઈ ન હોય તેમ, ત્યાર પછી પોતાને રસ્તે ધીમે ધીમે, ઘોડો ચલાવતો આગળ વધી ગયો.

પણ પેલો ભિખારી, ઊંડા વિચારમાં પડી ગયો. એનું હસવું ઊડી ગયું. પોતાના ઉપર જમીનદારની નજર પડી હતી, ને પોતાને કૂદતો ને મશ્કરી કરતો એણે જોયો હતો, એ ખ્યાલ આવતાં મશ્કરી ઊડી ગઈ.

એની વાત પણ અધૂરી રહી ગઈ. એક પળભર એ ઊંડા વિચારમાં પડી ગયો, અને પછી પોતે એકદમ જ પોતાની કાખઘોડી ને બધું ફેંકી દઈને પેલા જમીનદારની પાછળ દોડયો. ભિખારીઓ તો બધા, એને દોડતો જોઈ રહ્યા. પણ એ તો જમીનદારને પકડી પાડવા માટે વેગમાં દોડતો જ ગયો. જાણે એ કોઈ દિવસ અપંગ હોય જ નહિ. અને એ હતો પણ નહિ.

એ જમીનદારની પાસે પહોંચી ગયો. એણે ગળગળા અવાજે પાછળથી જ બૂમ પાડી: ‘જમીનદાર સાહેબ! એ જમીનદાર સાહેબ!’

જમીનદારે પાછળ જોયું. પેલા ભિખારીને એણે ઓળખ્યો. એને નવાઈ લાગી. આને શું હશે?

પણ ત્યાં તો એના આશ્ચર્યની વચ્ચે પેલો ભિખારી એના પગ પકડીને ગદ્‌ગદ કંઠે બોલી રહ્યો હતો:

‘જમીનદાર સા’બ! મે’રબાન સા’બ! મારી એક વાત સાંભળો. હું અપંગ નથી. મારો પગ ખોટો નથી. કાખઘોડી ખોટી હતી. મેં તમને છેતર્યા છે. મને માફ કરો. પણ મારી એક વિનંતિ આપ સાંભળો...’

‘શું છે? તારે શું કહેવાનું છે?’

'આટલું જ. મારી આ ઠગાઈ જોઈને, તમે તમારી જે કુદરતી ઉદારતા છે, અને જે ઉદારતા હજારો સાચા અપંગ નિરાધારોને રાહત આપે છે, તે ઉદારતાને, મારા જેવાના દાખલાથી તજી દેતા નહિ! હું આટલું જ માગું છું. મારી ઠગાઈ માટે, તમે દાન બંધ ન કરતા. બસ આટલું જ. અને આજથી હવે હું આંહીં કે બીજે ક્યાંય ભીખ માગવા માટે નહિ બેસું, એવું તમને વચન આપું છું. પણ જમીનદાર સાહેબ! તમે છો તે જ રહેજો. અનેકને મળતી રાહત પાછી ખેંચી લેતા નહિ, એટલું જ મારે કહેવાનું છે!'

જમીનદાર તો એની સામે જોઈ જ રહ્યો. આવી હવામાં પણ માનવતા છેક મરી જતી નથી, એ જોઈને એને ઘણો જ આનંદ થયો. એણે એને આશ્વાસન આપતાં કહ્યું: 'સારું, સારું. તું તારે તને ઠીક પડે તે કરજે. મારો માર્ગ તો, છે તે જ રહેવાનો છે!'

ભિખારી એને ચરણે પડ્યો અને પછી પાછો ઉતાવળો ઉતાવળો ચાલ્યો ગયો!

એ પછી એ કોઈ દિવસ ત્યાં દેખાયો નહિ.

[ ૧૩ ]

# પ્રસંગ-રંગ

[ ૧ ]

એક વખત એવું બન્યું કે રેડિયોનું સંશોધન કરનારો 'માર્કોની' પોતાના એક મિત્ર સાથે વાતો કરતો હતો. એમની વચ્ચે ઘણી ઘણી જ્ઞાનવિજ્ઞાનની વાતો ચાલતી હતી. અનેક પ્રશ્નોની છણાવટ થતી હતી. એમને એમાં રાત ક્યાં ગઈ એ પણ ખબર ન રહી.

વહેલી સવારે પેલો મિત્ર પોતાને ઘેર જવા નીકળ્યો. 'માર્કોની' એની સાથે હતો. અચાનક એ બારણાં બહાર પગ મૂકતાં અટકી ગયો, અને એના મિત્રને ખભે હાથ મૂકીને બોલ્યો : 'આ રેડિયો વિષે આપણે આટલી બધી વાતો કરી, પણ એમાં હજી એક વસ્તુ મને સમજાતી નથી.' પેલો મિત્ર તો આભો બની ગયો. જેણે જીવનભર રેડિયોનું સંશોધન કર્યું હતું, એને આમ બોલતો સાંભળીને એ નવાઈ પામ્યો. એણે કહ્યું : 'તમને સમજણ પડતી નથી એમ તમે કહ્યું ? આ તો પેલા જેવી વાત થઈ, પાણીમાં રહેનારું માછલું બોલે

કે મને તરતાં નથી આવડતું.'

માર્કોનીએ શાંતિથી જવાબ વાળ્યો: 'આ બધી શોધખોળ થાય છે, એનાં કારણો પણ આપણે આપી શકીએ છીએ, એની રચના એ પ્રમાણે ગોઠવાય છે. એ કામ આપે છે. છતાં આ રચનામાંથી શા માટે, કોના હુકમથી, આ પ્રમાણે વસ્તુ ઊભી થાય છે, એ કાંઈ સમજાતું નથી. આપણે તો વસ્તુનાં સ્વભાવ, કામ એ બધું જાણ્યું. પણ એ સ્વભાવ, કામ, એ બધું ત્યાં કોણે મૂક્યું છે, તેની કાંઈ જ ગતાગમ પડતી નથી. કોના હુકમથી આ બધાં કામ કરે છે? અને શા માટે આ પ્રમાણે જ કામ કરે છે? એ અગમ્ય કોયડો હજી મને સમજાતો નથી. અવાજ આપણે ઊભો કર્યો—અમુક નિયમો શોધીને—પણ એ અવાજ ત્યાં, આ પ્રમાણે કોના હુકમથી બેઠો હતો?'

પેલો મિત્ર તો આશ્ચર્યમાં ડૂબી ગયો. દુનિયામાં, અવાજનો નિષ્ણાત ગણાતો માણસ પણ, કોઈના છાના આજ્ઞાભરેલા અગમ્ય અવાજની વાત કરી રહ્યો હતો!

અને એ છાના અવાજ વિષે તો કોઈને કાંઈ ખબર જ ન હતી.

ઘણાં વિજ્ઞાનીઓએ પોતાના સંશોધનની મહાન સિદ્ધિને અંતે, પોતે હજી કાંઈ જ જાણતા નથી, એવો એકરાર કર્યો છે.

ઉપનિષદમાં પેલું વાક્ય નથી આવતું? જે કહે છે હું જાણું છું, તે જાણતો નથી. ને જે કહે છે હું જાણતો નથી, તે જાણે છે.

[ ૨ ]

એક વખત એક સભામાં પ્રશ્ન આવ્યો: 'ખરો મૂરખ કોણ? મૂરખમાં મૂરખ કોને ગણવો?'

એના જવાબ સૌએ પોતપોતાની રીતે આપ્યા. એક જણાએ કહ્યું: 'જે બાપને પૈસે પોતાને પૈસાદાર માને તે મૂરખ.'

બીજાએ કહ્યું: 'એ મૂરખ ખરો, પણ મૂરખનો મૂરખ—મૂરખનો સરદાર નહિ. જે આવતી કાલનો વિશ્વાસ કરે તે મૂરખનો મૂરખ.'

ત્રીજાએ કહ્યું: 'પણ આ બધી વાતનું મૂળ જેમાં છે, એને પકડો. જે પોતાને જ ડાહ્યો માને, તે મૂરખ.'

એટલામાં એમની આ વાતોમાં રસ લેનારો એક કોઈ જ્ઞાની માણસ ત્યાંથી નીકળ્યો.

એને જોઈને બધાને લાગ્યું કે આનામાં જ્ઞાન છે. એને જ આ સવાલ પૂછીએ. એટલે બધાએ એને પૂછ્યું. એ વિચારમાં પડી ગયો. પછી એણે શાંતિથી જવાબ વાળ્યો: ' મૂરખમાં મૂરખ માણસ તે છે, જે બીજાને નહિ, પોતાની જાતને છેતરે છે. જાતને થોડીઘણી તો બધા જાણે છે. પણ મૂરખ પોતાનાં જ મનમનામણાં કરીને, પોતાની જાતને છેતરે છે. જે માણસ એમ સમજે કે, હું બીજાને છેતરું છું, ને મને તો કોઈ છેતરી શકતું નથી, તે મૂરખનો મૂરખ છે. ખરી રીતે, બીજાને છેતરનારો, પહેલાં પોતાને જ છેતરતો હોય છે.

બધાને તરત આ માણસની વાત સમજાઈ ગઈ. કારણકે દુનિયામાં હમેશાં એમ જ બનતું આવ્યું છે.

[ ૩ ]

એક વખત એક માણસ બેઠો બેઠો, પોતાને કોણે કોણે છેતર્યો, કેમ છેતર્યો, પોતાને કોણે અન્યાય આપ્યો, કેવો અન્યાય આપ્યો, તેની વાતો સંભારે, ને એ બધા ભૂતકાળના પ્રસંગોને સંભારીને, પોતે નિરાશ થાય, ને દુઃખ અનુભવે.

એમાં એ બીજાને ભાંડે પણ ખરો. સાંભળનારને

તો એમ જ લાગે કે, ખરેખર, આ માણસને દુનિયાએ ઘણો અન્યાય કર્યો છે. નહિતર આ માણસ કાંઈનું કાંઈ કરી શકયો હોત.

એની આ વાત એક માણસ શાંતિથી બેઠો બેઠો સાંભળે. જયારે એને લાગ્યું કે, હવે આની વાતનો છેડો આવ્યો લાગે છે, ત્યારે તે શાંતિથી ઊભો થયો અને પેલા માણસને કહ્યું: 'ભાઈ! દુનિયામાં ઘણી વખત ન્યાય મળતો જ નથી, એ તમારી વાત તદ્દન સાચી છે. તમને ઘણા અન્યાય મળ્યા છે. તમે સહન પણ ઘણું કર્યું છે. આ બધું તમને યાદ પણ છે. હવે હું તમને એક જ પ્રશ્ન પૂછું છું. તમે નાના મોટા અન્યાય કોઈને કર્યા હોય, એ તમને સાંભરે છે?'

પેલો માણસ તો આ પ્રશ્ન આવતાં તદ્દન મૂંગો જ થઈ ગયો. એણે પણ બીજાને અન્યાય આપ્યા હતા. પણ એ સંભારવા કરતાં, એ ન સંભારવામાં જ, પોતાની આબરૂ સચવાય તેમ હતી. એટલા માટે તો કોઈએ કહ્યું છે કે 'ગતં ન શોચામિ.' થઈ ગઈ વાત, તે થઈ ગઈ. એનો અફસોસ શો?

[ ૪ ]

એક વખત સમુદ્રને ગર્વ થયો. મારા હજારમાં

કે લાખમા ભાગ જેટલું પાણી પણ ઝરણામાં નથી હોતું. અને છતાં દુનિયાના લોકો એવા મૂરખ છે કે ઝરણાના ગાનને ગીત સાથે સરખાવે છે, ને ત્યાં આંટા મારે છે.

એણે આ વાત ઝરણાને કહી પણ ખરી. ઝરણું તો એ સાંભળીને, આવા મહાન સમુદ્રને પોતાની ઈર્ષા થઈ, તેથી નવાઈ પામી ગયું. પણ એણે કાંઈ જવાબ ન આપવામાં પોતાનું ગૌરવ સચવાતું જોયું, એટલે એ કાંઈ બોલ્યું નહિ.

પણ આ ઝરણાને કિનારે, હમેશાં મધુર ગાન કરનારું એક પંખી હતું. સમુદ્રની આ વાતને તે સહન કરી શક્યું નહિ, એટલે એણે જવાબ વાળ્યો: 'ભાઈ સમુદ્ર! લોકો પાણીના સંગ્રહને જોઈને ઘેલા થતા નથી. તારે કિનારે, મારા જેવું એક નાનું પંખી આવે, તો એ બિચારું પણ એક પાવળું પાણી પામે નહિ. એટલે તારે તો તારા સંગ્રહને, સમૃદ્ધિ નહિ, પણ શાપ માનવો રહ્યો: કવિઓ પણ એટલા માટે જ, ઝરણાનાં ગાન કરે છે. ને તને તો ન છૂટકે સંભારે છે!

[ ૫ ]

છેલ્લા મહાન વિશ્વયુદ્ધની આ વાત છે. એક માણસ લડાઈમાં ગયેલો. પણ એ વખતે તો બધે બોમ્બમારો થતો, એટલે એ પોતાનાં પત્ની, બાળક, પિતા, માતા, બહેનો, બધા વિષે હમેશાં ચિંતામાં રહેતો.

હવે બન્યું એવું કે, એ વખતના બોમ્બમારાના ઝપાટામાં, એણે એનાં બધાં જ સ્વજનો ગુમાવ્યાં. એની પત્ની, બાળકો, માતા, પિતા, બહેનો બધાં જ મરણ પામ્યાં. પોતે એકલો થઈ ગયો. પોતાની મિલકત ખરી. પણ હવે તો એ ઘર અને એ મિલકત, એને ખાવા દોડતાં હતાં.

રાતદિવસ બીજું કાંઈ એને સૂઝે નહિ. જે જંગમાં મર્યાં, તેમનો શોક કર્યા કરે.

એટલામાં એના વાંચવામાં એવું આવ્યું કે, શોક ભલે ગમે તેટલો ભારે હોય, પણ એને તરે છે એ માણસ, જે કાંઈ ને કાંઈ સત્કાર્ય કરતો રહે છે.

આ માણસે વિચાર કર્યો કે, હું એવું શું કરું કે જેથી આ શોક, હું તરીને પાર ઊતરું ?

અંતે એણે પોતાનું ઘર સરખું કર્યું. એમાં પોતાના

જેવા નિરાધાર થયેલા માણસો આવીને વસી શકે એવી ગોઠવણ કરી. પોતાની બધી મિલકત એણે એમાં વાપરી. અને એક ચમત્કાર થયો.

એને અનુભવ થયો કે, જાણે પોતે એક તદ્દન નવું જ જીવન જીવી રહ્યો છે.

આપણે સામાન્ય રીતે, આપણો શોક, આપણાં દુઃખોને સંભારીને વધારીએ છીએ. પણ જે દુઃખોમાંથી આપણે બચી ગયા, તેનો વિચાર કરીએ, તો શોક એની મેળે શમી જાય છે.

શોક શમાવવાનું આ રહસ્ય છે. કામ કરવું, કોઈને મદદ કરવી, કયા દુઃખમાંથી પોતે બચી ગયા, તેનો વિચાર કરવો.

[ ૧૪ ]

# ચતુષ્કોણ

એક મહાન નગરને ચાર ખૂણે ચાર જણા રહેતા હતા. પૂર્વ તરફ રહેતા હતા એના જમીનદાર, પોતાના આલીશાન મહાલયમાં, રાજકર્તાના વૈભવી ઠાઠથી. એમને શોખમાં શોખ એક વાતનો. જૂના દ્રાક્ષાસવનો. એને ત્યાં સંઘરેલા દ્રાક્ષાસવની એક પ્યાલી માણસને સ્વર્ગનું દર્શન કરાવે. પણ એનો કાંઈક એવો ખ્યાલ હતો કે, આવો દ્રાક્ષાસવ, એ તો કોઈ એવા અદ્ભુત સમયે બહાર નીકળે, કે એ ખરેખર અદ્ભુત પ્રસંગ હોય! એટલે એ દ્રાક્ષાસવ ભાગ્યે જ બહાર નીકળતો.

બીજે ખૂણે રહેતાં હતાં, એક શેઠાણી. એનાં લુગડાંનો ઠઠારો દસ કબાટમાં પણ સમાતો ન હતો. પણ એને એ બધાં પહેરવાં હતાં, ને પહેરાતું એકે નહિ. કોઈ વખત, કાંઈ વાંધો આવે, ને કોઈ વખત, કોઈ ટીકા કરે. એટલે એ કપડાં રાહ જોતાં કબાટમાં પડયાં હતાં, પેલા જૂના અદ્ભુત દ્રાક્ષાસવની જેમ.

ત્રીજે ખૂણે રહેતા હતા એક શેઠ. એમણે

પોતાને ત્યાં પાર વિનાની શિલ્પાકૃતિઓ ભેગી કરી હતી. સરસ ચિત્રો પણ ભેગાં કર્યાં હતાં. એમને આ શોખ લાગ્યો હતો. એક મ્યુઝિયમમાં, એ બધી કૃતિઓ એમને મૂકવી હતી. પણ એમને એ માટે, કોઈ સારું મુહૂર્ત જ મળતું ન હતું! એટલે બધી એમને ત્યાં પડી રહેતી.

અને ચોથે ખૂણે રહેતો હતો એક કંજૂસ. એવો મખ્ખીચૂસ કે ચમડી જાય, પણ દમડી ન કાઢે એવો. એને ત્યાં સિક્કાઓ ઊભરાઈ હાલ્યા હતા. પણ હમેશાં એ વિચાર કરે, ને હમેશાં વિચાર પાછો ફરી જાય. એટલે એને ત્યાં સિક્કાઓ વધતા જતા હતા. એમાંથી એકે વપરાતો ન હતો.

આમ એ નગરને ચાર ખૂણે, ચાર મહાન જનો રહે.

હવે આ દ્રાક્ષાસવના સંઘરનારા જમીનદારને ત્યાં એમની કન્યાના લગ્નનો પ્રસંગ આવ્યો. એટલે એ વખતે પેલો દ્રાક્ષાસવ વપરાય તો સારું, એમ ધારીને અધિકારીઓ જમીનદારને પૂછવા ગયા કે, તમે કહેતા હો તો આ પ્રસંગ છે, ને પેલો દ્રાક્ષાસવ આ પ્રસંગે કાઢીએ.

પણ જમીનદારે કહ્યું: ‘ આ પ્રસંગ છે એ સાચું,

પણ એ દ્રાક્ષાસવ, એ તો કોઈ ભારે ધન્ય પ્રસંગ માટે છે. એવો પ્રસંગ આવે, ત્યારે કહેજો.'

અધિકારીઓ વિચારમાં પડી ગયા કે, જીવનમાં આનાથી વધારે મહત્ત્વનો પ્રસંગ તો બીજો કયો આવવાનો હતો?

પણ એ તો ચિઠ્ઠીના ચાકર. એટલે દ્રાક્ષાસવ એમ ને એમ વાપર્યા વિનાનો પડ્યો રહ્યો.

વળી બીજો પ્રસંગ આવ્યો, છોકરાના વિવાહનો. આ પ્રસંગે તો જમીનદાર હા પાડશે જ, એમ માનીને અધિકારીઓએ કહ્યું કે, હવે આ પ્રસંગ તો ખરેખર પેલો દ્રાક્ષાસવ વાપરવા માટેનો જ છે. માટે એ દ્રાક્ષાસવ હવે કાઢીએ.

પણ જમીનદારે કહ્યું: 'ના, આ પ્રસંગે એવો દ્રાક્ષાસવ વાપરવાનો? એ દ્રાક્ષાસવ તો રાખ્યો છે કોઈ વિરલ પ્રસંગ માટે. એવો વિરલ પ્રસંગ આ ન ગણાય!'

અધિકારીઓ તો વળી વિચારમાં પડ્યા. જમીનદાર સાહેબ, આ દ્રાક્ષાસવ વાપરવામાં, કેવા વિરલ પ્રસંગની રાહ જુએ છે, એ એમને કાંઈ સમજાયું નહિ.

અને પેલો દ્રાક્ષાસવ આ પ્રસંગે પણ નીકળ્યો નહિ.

એવા બીજા પણ બે–ચાર પ્રસંગો આવ્યા. રાજ્યાભિષેકનો દિન આવ્યો. જમીનદારની પોતાની વરસગાંઠનો દિવસ આવ્યો. એમના લગ્નોત્સવનો દિવસ આવ્યો. પણ જમીનદાર તો એક જ વાત કહે કે, એ એવો વિરલ પ્રસંગ ન ગણાય, પેલો અદ્ભુત દ્રાક્ષાસવ વાપરવા જેવો. એમ ને એમ, એ દ્રાક્ષાસવ, જમીનદાર સાહેબના જીવનકાલમાં તો વપરાયો જ નહિ!

અને એમ ને એમ, જમીનદાર સાહેબની વિદાયવેળા આવી પહોંચી અને પેલો દ્રાક્ષાસવ તો જમીનદાર સાહેબના વિરલ પ્રસંગની રાહ જોતો, એમ ને એમ, વપરાયા વિનાનો પડયો રહ્યો.

છેવટે એવું બન્યું કે, જમીનદાર સાહેબના સ્મશાન પ્રસંગે એ દ્રાક્ષાસવ, અધિકારીઓએ, આ પ્રસંગ વિરલ છે, એમ ગણી લઈને વાપરી નાખ્યો!

પેલા બીજા ત્રણની વાતનું પણ એમ જ થયું, એમની માયા–મૂડી પણ કોઈકે વાપરી.

* * *





ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક ને વિક્રેતા
ગાંધીરસ્તા : અમદાવાદ.

## 'ધૂમકેતુ'ની 'લોકસંસ્કાર પુસ્તિકાઓ'

| | | | |
|---|---|---|---|
| ૧–૫ | જ્ઞાનકથાઓ ભા. ૧ થી ૫ | [બીજું મુદ્રણ] | ૫–૫૦ |
| ૬ | કવિકથાઓ ૧ | | ૧–૨૫ |
| ૭ | ,, ૨ | [બીજું મુદ્રણ] | ૧–૦૦ |
| ૮–૯ | ,, ૩–૪ | | ૨–૨૫ |
| ૧૦ | લોકરામાયણ ૧ | [ચોથું મુદ્રણ] | ૧–૨૫ |
| ૧૧ | ,, ૨ | [ ,, ] | ૧–૨૫ |
| ૧૨–૧૭ | લોકસંસ્કાર દીપાવલિ–૧ | ૬ પુસ્તકોના આખા સેટના | ૩–૦૦ |

૧ અલી કોચમીન    ૪ તારણહાર
૨ ભૈયાદાદા    ૫ સ્વાધીનતાની દેવી
૩ જુમ્મો ભિસ્તી    ૬ ગોવિંદનું ખેતર

| | | | |
|---|---|---|---|
| ૧૮–૨૩ | લોકસંસ્કાર દીપાવલિ–૨ | ૬ પુસ્તકોના આખા સેટના | ૩–૦૦ |

૧ ભિખારીની દિલાવરી    ૪ બલિદાન
૨ માર્સેલા    ૫ ઘોડાનો ગુલામ
૩ માતાની છબી    ૬ મહી નદીનાં પાણી

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ભગવાન બુદ્ધ | | ૧–૦૦ |
| ૨૫–૨૬ | જાતકકથાઓ ૧–૨ | | ૨–૨૫ |
| ૨૭–૨૮ | સાક્ષરકથાઓ ૧–૨ | | ૨–૦૦ |
| ૨૯ | જ્ઞાનગોષ્ઠિ | [ત્રીજું મુદ્રણ] | ૧–૦૦ |
| ૩૦ | વડને છાંયડે | [બીજું મુદ્રણ] | ૧–૦૦ |
| ૩૧–૩૨ | બોધકથાઓ ૧–૨ | [ ,, ] | ૨–૫૦ |
| ૩૩ | સંસ્કારકથાઓ | [ચોથું મુદ્રણ] | ૧–૦૦ |
| ૩૪ | ચારિત્રકથાઓ | [ ,, ] | ૧–૨૫ |
| ૩૫–૪૦ | લોકસંસ્કાર દીપાવલિ–૩ | ૬ પુસ્તકોના આખા સેટના | ૩–૦૦ |

૧ ઉપગુપ્તની વાત    ૪ અદ્ભુત ગવૈયો
૨ પડઘાની દેવી    ૫ ઈલિયડ–૧
૩ કાળરાત્રિ    ૬ ઈલિયડ–૨

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

શારદા મુદ્રણાલય : અમદાવાદ.